**સુવિચાર**
પોતાની જાતને વધુને વધુ સારી બનાવવાનો પ્રયત્ન કર્યા કરવો તે જ વીરતા છે, તેજ સાચું પરાક્રમ છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૨/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ મહા વદ-૬ વર્ષ : ૧૬ અંક : ૦૫૭

SINCE 1959
હરિૐ PENDAWALA
૧૪ પ્રકારના શિખંડ અને મઠો
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

પથરી પ્રોસ્ટેટ કીડનીના દર્દીઓ માટે
નિઃશુલ્ક નિદાન કેમ્પ
તથા ફ્રી ઓપરેશન કેમ્પ
તારીખ : ૨૦-૦૨-૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
નોંધઃ નામ નોંધાવવુ ફરજીયાત છે.
Prostate Cancer
કીડની
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## અમરેલી, સાવરકુંડલા, દામનગર પાલિકાની અને ધારી તાલુકા પંચાયતની પેટા ચૂંટણી તેમજ

# રાજુલા, જાફરાબાદ, લાઠી અને ચલાલા પાલિકાની ચૂંટણીનું આજે પરિણામ

**રાજુલામાં પ્રાંત કચેરી ખાતે મત ગણતરી સેન્ટર તૈયાર કરવામાં આવ્યું**

**જાફરાબાદમાં મોડેલ સ્કૂલ ખાતે મત ગણતરી સેન્ટર ઉભુ કરાયું**

**ચલાલા ખાતે ચંદારાણા હાઈસ્કૂલમાં મત ગણતરી કરાશે**

**લાઠી કન્યા પે. સેન્ટર શાળા ખાતે સવારથી મત ગણતરી**

અમરેલી, તા. ૧૭

અમરેલીજિલ્લાનીરાજુલા, જાફરાબાદ,લાઠીઅનેચલાલાપાલિકાની સામાન્યચૂંટણીઅનેઅમરેલી,દામનગર પાલિકાની ૨–૨ બેઠક અને સાવરકુંડલા પાલિકાની ૧ બેઠકની પેટા ચૂંટણીને અનુલક્ષીને રવિવારે યોજાયેલ મતદાન બાદ આવતીકાલ મંગળવારે જે–તે શહેરમાં ઉભા કરવામાં આવેલ મત ગણતરીસેન્ટરખાતેસવારનાં ૮ કલાકથી મત ગણતરી શરૂ કરાશે.

રાજુલા ખાતે પ્રાંત કચેરી, જાફરાબાદમાં મોડલ સ્કૂલ, ચલાલામાં ચંદારાણા હાઈસ્કૂલ, લાઠીમાં કન્યા પે. શાળા, અમરેલીમાં કે.કે. પારેખ કોમર્સ કોલેજ, સાવરકુંડલામાં પ્રાંત કચેરી અને દામનગરમાં સવાણી તાલુકા શાળા–૨ અને ધારી તાલુકા પંચાયતની ૧ બેઠકની મત ગણતરી ચંદારાણા હાઈસ્કૂલ ચલાલા ખાતે યોજાશે.

સ્થાનિક ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ ઉપરાંત અનેક બેઠકો ઉપર આમ આદમી પાર્ટીનાં ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતરતા ત્રિપાંખિયો જંગ જામેલ. જો કે મતદારોમાં ઉત્સાહની કમી તો ચૂંટણી લડતા પક્ષનાં આગેવાનો અને કાર્યકરોમાં જબ્બરો થનગનાટ જોવા મળ્યો હતો.

અમરેલી જિલ્લાની ૪ પાલિકામાં ભાજપનો વિજય થાય છે કે કોંગ્રેસને સફળતા મળે છે તે જોવાની સાથે "આપ"ને કોઈ બેઠક મળે છે કે કેમ તેના પર સૌની નજર મંડાયેલી છે.

---

### માત્ર ૨૬ વર્ષની વયે અંતિમવાટ પકડી

## સાવરકુંડલાનાં આંબરડી ગામે શ્રમિકનું માથે બેલુ પડતાં કમકમાટીભર્યુ મોત

**શ્રમિક પરિવારમાં શોકનો માહોલ છવાયો**

અમરેલી, તા. ૧૭

મુળમધ્યપ્રદેશનાવતનીઅને હાલ સાવરકુંડલા તાલુકાના આંબરડી મેહુલભાઈ સગરની વાડીએ રહેતાગંગારામ પુનીયા ભાભર નામનાં ૨૬ વર્ષિય ખેત મજુર યુવક ગત તા. ૧૦ના રોજ રાત્રે ૮ વાગ્યાના અરસામાં આંબરડી ગામે મેહુલભાઈ સગરની વાડીએ કામ કરતાં હતા. ત્યારે તેમના હાથમાં રહેલ બેલુ હાથમાંથી સરી જતા અને તેમની છાતી ઉપર બેલુ પડતા ઈજા થતા સારવાર માટે દવાખાને ખસેડાયેલ. જયાં યુવકનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### કોઈ અગમ્ય કારણોસર પગલુ ભર્યુ

## ખાંભાનાં મોટા બારમણ ગામની તરૂણીએ પોતાની મેળે એસિડ પી લીધુ

**સારવાર દરમિયાન તરૂણીએ અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૧૭

ખાંભા તાલુકાના મોટા બારમણ ગામે રહેતી સોનલબેન હરીભાઈ છનાભાઈ સાગઠીયા નામની ૧૭ વર્ષિય તરૂણીએ ગત તા. ૯ના રાત્રીના આશરે નવેક વાગ્યાના સમયે કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે એસીડ પી જતાં સારવાર માટે દવાખાને ખસેડાયેલ. જયાં તરૂણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### શરીરનું સમતોલન ગુમાવી બેસતા

## બાબરાની વેલનાથ સોસાયટીમાં રહેતા વૃધ્ધનું પાણીના ટાંકામાં પડી જવાથી મોત

**સ્થાનિક વિસ્તારમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૭

બાબરા ગામે આવેલ વેલનાથ સોસાયટીમાં રહેતા જીણાભાઈ મોહનભાઈ મકવાણા નામના ૬૦ વર્ષિય વૃધ્ધ ગત તા. ૧૬ના રોજ બપોરના ૩ વાગ્યે તાઈવદર પાટીયા પાસે હતા. ત્યારે કોઈ કારણોસર પોતાના શરીરનું સમતોલન બગડતા પાણીના ટાકામાં પડી જતા ડુબી જવાથી તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
76,200/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૭/૦૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

---

### ગીર કાંઠાનાં ગામોમાં નાગરિકોને રહેવુ મુશ્કેલ

## રાજુલાનાં વાવેરા ગામે ૯ વર્ષનાં બાળક ઉપર ખૂંખાર દીપડાએ કર્યો હુમલો

**વનવિભાગે રાની પશુઓની દેખરેખ રાખવી જરૂરી**



રાજુલા, તા. ૧૭

રાજુલા તાલુકાના વાવેરા ગામમાં આવેલ ગૌશાળા પાસે આવેલ નદી કાંઠા વિસ્તારમાં દેવીપૂજક પરિવારના ઘરે દીપડો વહેલી સવારે

અનુસંધાન પાના ૬ ઉપર

---

### નાગેશ્રી ખાતેથી ખરીદી અર્થે ગયેલ હોય

## રાજુલાની રવિવારી બજારમાં મહિલાનાં પર્સમાંથી ૨.૩૯ લાખનાં મુદ્દામાલની ચોરી

**અજાણ્યા ઈસમ વિરૂધ્ધ પોલીસે ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૧૭

રાજુલા તાલુકાના નાગેશ્રી ગામે પ્લોટ વિસ્તારમાં રહેતા મનિષાબેન ઉર્ફે મુનિબેન જેરામભાઈ બારૈયા ગત તા. ૧૬/૨ના રોજ નાગેશ્રી ગામેથી રાજુલા

અનુસંધાન પાના ૬ ઉપર

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
NST Machine
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
સરનામું
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે,
માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

---

### મોણપુર ગામનાં નાગરિક ખૂશ

## ચીતલ ખાતેથી ચોરી થયેલ બાઈક ચોરીનો પોલીસ ટીમે ભેદ ખોલ્યો

**ચોરાઉ બાઈક સાથે આરોપી ઝડપાયો**



અમરેલી, તા. ૧૭

અમરેલી તાલુકાના મોણપુર ગામે રહેતા લાલજીભાઈ સોમાભાઈ નકુમે ચીતલ ગામે બજારમાં પાર્ક કરેલ હોય. જે મોટર સાયકલ ગઈ તા. ૮/૨ના સવારના નવ વાગ્યાથી દસ વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોય. જે મોટર સાયકલ ચોરી અંગે લાલજીભાઈએ ફરીયાદ જાહેર કરતા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ નોંધાયેલ હતી.

અમરેલી પોલીસ અધિક્ષક સંજયખરાતએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહીકરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું. અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ.એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકિકત આધારે અમરેલી તાલુકા વિસ્તારમાંથી ઉપરોકત ચોરીના મોટર સાયકલ સાથે પ્રકાશ ઉર્ફે પકો સવજીભાઈ વાઘેલા નામના ઈસમને પકડી પાડી પકડાયેલ આરોપી તથા મળી આવેલ મોટર સાયકલ આગળની કાર્યવાહી થવા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

Sheetal
On a Bill of ₹1,000/-

A surprise gift free on a Bill of Rs. 1000/-
Offer Valid : 29-01-2025 to 28-02-2025
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

## યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત

# ચલાલાનાં ગાયત્રી પરિવાર દ્વારા સર્વજ્ઞાતી સમૂહ લગ્નોત્સવ યોજાયો

**સંતો, મહંતો અને રાજકીય, સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સંપન્ન**

**જુદી–જુદી જ્ઞાતિનાં ૩૦ નવદંપત્તિઓએ પ્રભુતામાં પગલા પાડયા**

**આફ્રિકા સહિત વિદેશની ધરતી પરથી દાતાઓ અને મહેમાનો પહોંચ્યા**

**કાર્યક્રમનું સંચાલન ભારત ભુષણ મહેશ મહેતા અને આચાર્યા શીતલબેન મહેતાએ કર્યુ**



ચલાલા, તા. ૧૭

ગુજરાત સરકાર ધ્વારા સેવા તેમજ તબીબી ક્ષેત્રનો જેમને વિશિષ્ટ એવોર્ડ પ્રદાન થયો છે એવા ચલાલાનાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ધ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ધારી રોડ ખાતે માનવ સેવાની અખંડ જયોજગાવી છે.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર સ્થાપક પ.પૂ. શ્રી રામશર્મા આચાર્યજીના યુગ નિર્માણનાં સંકલ્પો સાકાર કરવાના પ્રયત્નો કરી રહેલ આ સંસ્થા ધ્વારા વિવિધ સેવા ક્ષેત્રે અસંખ્ય પ્રવૃત્તિઓ જીવંતરૂપે નિઃસ્વાર્થ ભાવનાથી ચાલી રહી છે.

તાજેતરમાં સંસ્થા ધ્વારા ચલાલા ખાતે એકવીસ સર્વજ્ઞાતીય સમૂહ લગ્નોત્સવ સફળ રીતે યોજાય ગયા. જ્ઞાતિ–જાતિ કે ધર્મના ભેદભાવ વગર માનસેવાના આ ભગીરથ કાર્યોની જુદી જુદી જ્ઞાતિના ૩૦ નવયુગલોએ લાભ લીધો હતો અને સમાજના સાચા જરૂરિયાતમંદો સુધી પહોંચવાનો પ્રયત્ન ગાયત્રી પરિવાર ધ્વારા થયો હતો.

કાર્યક્રમનાં શુભારંભમાં સંસ્થાના વડા પૂ.શ્રી ડો. રતિદાદાએ સંસ્થાની માનવ સેવાકીય પ્રવૃત્તિઓની ઝાંખી કરાવી હતી તેમજ નવદંપત્તિઓને આશીર્વચન પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં કરૂણાનીધાનબાપુ, ખોડીયા મંદિર સુડાવડના મહંત કોઠારીબાપુ, મહીપતબાપુ, હર્ષદબાપુ ભગત (મહંત ગઢિયા ગીર), પરેશભાઈ તથા અંકિતાબેન–કંપાલા, જીતેનદ્રભાઈ નેગી તથા રેનુકાબેન નેગી (ઈન્ડિયન એમ્બેસી કંપાલા), દિનેશભાઈ લાંબા તથા લતાબેન લાંબા (ઈન્ડિયન નેવી ઓફિસર), સવંતીબેન કંપાલા, પ્રફુલભાઈ સેંજળીયા, જે.વી. કાકડિયા, લાલજીભાઈ ખૂંટ, રમણીકભાઈ સરપંચ, પ્રકાશભાઈ કારીયા, મહેન્દ્રભાઈ સાદરાણી, પહુભાઈ ભગત, રમેશભાઈ લાખાણી, ઈસુમામા, રામજીભાઈ બોરીસાગર, બીપીનભાઈ ભરાડ, બાબુભાઈ રાજયગુરૂ, ભાસ્કરભાઈ, સવજીભાઈ, અશ્વિનભાઈ કાછડિયા, સંજયભાઈ ભુવા, ચંપુભાઈ વાળા, અનીલભાઈ કણકીયા, ગોવિંદભાઈ ગોંડલિયા, ભુપતભાઈ વિઠ્ઠલાણી, વનરાજભાઈ વકીલ, મનસુખભાઈ મહેતા, ભાવેશકુમાર બોરીસાગર, મનુભાઈ બારોટ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમૂહ લગ્નોત્સવમાં દરેક કન્યાને ૧૩૨ વસ્તુ કરિયાવરરૂપે ભેટ આપવામાં આવી હતી. આ લગ્નોત્સવની સાથે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી બલડ બેંક દ્વારા મહારકતદાન શિબિરનું પણ આયોજન કર્યુ હતું જેનો અસંખ્ય રકત દાતાઓએ લાભ લીધો હતો.

ચા–પાણી, ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિની આદર્શ સપ્તપદીની શાસ્ત્રોકત લગ્નવિધિથી વાતાવરણ દેવીમય બની ગયું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા તેમજ આચાર્યા શીતલબેન મહેતાએ કર્યુ હતું.

### પાલિકાના શાસકો જવાબદારીથી દુર ભાગે

# દામનગરમાં ''ઘરનાં ઘર'' યોજનાનો લાભ મેળવવા ૧૫૦ જેટલા પરિવારો આમથી તેમ ભટકે છે

**જનપ્રતિનિધિઓએ ગરીબોને મદદ કરવી જરૂરી**

દામનગર, તા. ૧૭

દામનગર શહેર ના ૧૫૦ જેટલા ગરીબ પરિવારોએ ઘર નુંઘર મેળવવા પેટે પાટા બાંધી તૈયાર કરાવેલ દરખાસ્તોમાં આવકના દાખલાઓની મર્યાદા સમાપ્ત થઈ ફરી આવકના દાખલા માટે ખૂબ મોટો ખર્ચ કરી પાલિકામાં ગયા તો પ્રધાન મંત્રી આવાસ યોજનાની દરખાસ્તો લાભાર્થીઓને પરત કરી ઓનલાઈન કરવા ફરજ પાડી જરૂરિયાત મંદ ગરીબ પરિવારો ને પ્રધાન મંત્રી આવાસ યોજના ના લાભ માટે પાંચ વર્ષ પહેલાં કરેલ દરખાસ્ત ઈનવોર્ડ થયા બાદ પાંચ વર્ષ કોની બેદરકારી એ પડી રહી આવકના દાખલાની મર્યાદા સમાપ્ત થઈ જતા લાભાર્થી ઓને બોલાવી ફરી તાજેતરના વર્ષના આવક દાખલા નો ખર્ચ કરી પાલિકા માં આપ્યા તો પ્રધાન મંત્રી આવાસ યોજનાની દરખાસ્ત પરત કરાય ઓન લાઈન કરોની ફરજ પડાઈ પાંચ વર્ષ સુધી ભાજપ શાસિત પાલિકામાં જ એકપણ વ્યક્તિ ને પ્રધાન મંત્રી આવાસ યોજના લાભ ન મળ્યો પાલિકાના સત્તાધીશો અને તંત્ર એટલું તો ક્યાં કામમાં રોકાયું હતું કે વર્ષ સુધી એકપણ પ્રધાન મંત્રી આવાસની દરખાસ્ત માં અભિપ્રાય ન આપ્યો લાખો રૂપિયા ખાનગી કલ્સટીંગ એજન્સી ને ચૂકવાય છે તો પાલિકા ના ઈજનેર શુ કરે છે? પાલિકા ના સત્તાધીશો ઈજનેર ની પૂછી ને પાણી પીવે છે ? જનસેવા માટે ચૂંટાયેલ નેતા ઓ જનતાના પ્રશ્ને જાગૃત બની કામ કરે એ જરૂરી પાંચ વર્ષ સુધી પ્રધાન મંત્રી આવાસ યોજના ની ૧૫૦ જેટલી દરખાસ્તો અભિપ્રાય માટે પડી રહી કે પડી રહેવા લેવાઈ ? આવક ના દાખલા ઓની સમય મર્યાદા સમાપ્ત થઈ ત્યાં સુધી પાલિકા તંત્ર એ શું કર્યુ? તેવા અનેક વેદ્યક સવાલ ઉભા થઈ રહયા છે.

### આજથી ૯ માર્ચ સુધી ઓનલાઈન નોંધણી શરૂ

# અમરેલી સહિત રાજયભરમાં ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે

**૧૪ માર્ચથી ટેકાનાં ભાવે ખરીદી શરૂ થશે**

અમરેલી, તા. ૧૭

ગુજરાતના ખેડૂતોના આર્થિક રક્ષણ માટે તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા હેતુથી, વર્ષ ૨૦૨૪/૨૫માં ચણા અને રાયડાની ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન રાજય સરકાર મારફત કરવામાં આવેલ છે. ભારત સરકારે વર્ષ ૨૦૨૪–૨૫ માટે ચણા પાક માટે રૂ. ૫૬૫૦ પ્રતિ કિવન્ટલ અને રાયડાની પાક માટે રૂ.૫૯૫૦ પ્રતિ કિવન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવેલ છે. ટેકાના ભાવ કરતા બજારભાવ નીચા જાય ત્યારે ભારત સરકારની પીએમ આશા (પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન) યોજના અંતર્ગત પીએસએસ હેઠળ રાજયમાં ચણા અને રાયડા પાકની ટેકાના ભાવે ખરીદી કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજયના તમામ જિલ્લાઓમાં ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવા તા. ૧૮/૨/૨૫થી તા. ૯/૩/૨૫ (દિન/૨૦) સુધી ખેડુતોની ગ્રામ્યકક્ષાએ ઈ–ગ્રામ કેન્દ્રો ખાતે વીસીઈ મારફતે વિનામૂલ્યે ઓનલાઈન નોંધણીના ફેડના ઈ–સમૃધ્ધિ પોર્ટલ પર કરવામાં આવશે. રાજયના ચણા અને રાયડો પકવતાં ખેડુતભાઈઓએ લાભ લેવા અનુરોધ છે.

વિવિધ ખરીદી કેન્દ્રો પર રાજયમાં ચણા રાયડાની ખરીદી તા. ૧૪/૩/૨૫ના રોજથી કરવાનું સુચિત છે.

રાજય સરકાર દ્વારા ચણા અને રાયડા પાકની ખેડૂતો પાસેથી પુરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે અને તે માટે સરકારએ તમામ આગોતરૂ આયોજન હાથ ધરેલ છે.

# અમરેલી : જવાહર વિદ્યાલયમાં કારકીર્દિ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયા



અમરેલી, તા.૧૭

જવાહર નવોદય વિદ્યાલયમાં વિંગ કમાન્ડર રવિકુમાર ભુજિયા, વાયુસેના વિભાગ અને તેમની ટીમ દ્વારા કરિયર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

વિંગ કમાન્ડર રવિકુમાર ભુજિયા, વાયુસેના વિભાગ અને તેમની ટીમ દ્વારા ૧૧ ફેબ્રુઆરી–૨૦૨૫ના રોજ જવાહર નવોદય વિદ્યાલય અમરેલીમાં કરિયર માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ માટે કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતાઓને પારિતોષિકો એનાયત કરવામાં આવી.

વિશ્વસનીય દ્રષ્ટિ અને પ્રેરણાદાયક માર્ગદર્શન દ્વારા વિંગ કમાન્ડર અને તેમના ટીમનાં સભ્યોએ વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દી માટે શ્રેષ્ઠ માર્ગદર્શન અને પ્રેરણા આપવાનું કાર્ય કર્યુ.

કિવઝ સ્પર્ધામાં ભાગ લેતા વિદ્યાર્થીઓને કરિયરની વિવિધ દિશાઓ, તકનીક અને પ્રવૃતિઓની જાણકારી મળી, અને તેઓ વધુ શ્રેષ્ઠ કાર્યક્ષેત્રો માટે પ્રેરિત થઈ રહયાં છે.

આ કાર્યક્રમ વિદ્યાલયના પ્રાચાર્ય વિજયકુમાર બોસના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

### ૧૯ વૃક્ષોનું વાવેતર કરાયા બાદ ભુલી ન જવાય

# દામનગરમાં ત્રિકોણબાગમાં વૃક્ષોને નિયમિત પાણી પીવરાવવાની જરૂર

**પાલિકાનાં શાસકોએ પર્યાવરણલક્ષી કામગીરી કરવી જરૂરી**


દામનગર, તા. ૧૭

દામનગર શહેરની દામનગર નાગરપાલિકાએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૩–૨૪ની ગ્રાંટમાંથી હવેલી નજીક બનાવેલ ત્રિકોણબાગમાં ૧૫ બાકડા મુકયા છે. અને ૧૯ જેટલા વૃક્ષોનું રોપણ તો કર્યુ છે, પરંતુ આ તમામ વૃક્ષોને નિયમિત પાણી મળતું ન હોય સુકાતા વાર ન લાગે...!! એલ.ઈ.ડી. લેમ્પથી સમી સાંજથી સવાર સુધી આ બગીચો (મધ્યમ) સુંદર લાગે છે. નાગરિકો બેસવા આવે છે. સ્વચ્છ ભારત, સ્વચ્છતા હી સેવા, ગ્રીન દામનગર, નિર્મળ ગુજરાતના સૂત્રો લખવામાં આવ્યા છે. આ બગીચાની અંદર રહેલા તમામ વૃક્ષોને નિયમિત પાણી પીવરાવવામાં આવે એવી લાગણી છે.



તસ્વીર : નટુ ભાતીયા–દામનગર

# વીજપડી ખાતે આહીર સમાજ દ્વારા ૨૪મો સમૂહલગ્નોત્સવ યોજાયો


તસ્વીર : પ્રફુલભાઈ નગદીયા–વીજપડી

સાવરકુંડલાનાં વિજપડી ગામે આહીર સમાજનો ૨૪મો સમૂહલગ્નોત્સવ યોજાયો હતો જેમાં ૪૪ જેટલા નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડી પોતાની નવી સફરનો આરંભ કર્યો હતો. ભગવાન દ્વારકાધીશના અધ્યક્ષ સ્થાને આ સમારોહમાં રાજસ્વી મહાનુભાવો, સમાજના મોભીઓ, સમાજ અગ્રણીઓ, સમાજના સરકારી સેવા આપતા અધિકારીઓ તથા વિવિધ ક્ષેત્રના આગેવાનો અને આઠ હજાર જેટલા આહીર સમાજના ભાઈઓ બહેનોએ હાજરી આપી હતી તથા આ સમારોહનાં સંપૂર્ણ ખર્ચનાં દાતા તરીકે હરિભાઈ નકુમ, ડાયાભાઈ ગુંદરાસિયા અને મનુભાઈ બલદાણીયા સૌભાગ્ય પ્રાપ્ત કર્યુ તથા ભોજનખર્ચનાં મુખ્ય દાતા સ્વ.કાનજીભાઈ ગોવિંદભાઈ ગુર્જર પરીવાર અને કરિયાવરનાં મુખ્ય દાતા સ્વ.ભાયાલાલભાઈ હકાભાઈ પરડવા પરીવારએ સૌભાગ્ય પ્રાપ્ત કર્યુ હતું. સમારોહના દાતાઓને સ્મૃતિભેટ સાથે વિશિષ્ટ સન્માન આપી સત્કારવામાં આવ્યા હતા. આ સમારોહ દર વર્ષની જેમ આ વર્ષે રકતદાન કેમ્પનું આયોજન કર્યુ હતું અને ૧૦૧ જેટલી રકતબોટલ એકત્ર કરી હતી. સૌ મહાનુભવોએ પોતાના વકતવ્યમાં શિક્ષણ અને આરોગ્ય અને સમાજનો વિકાસ વિશે સંદેશ આપ્યો હતો તથા સમાજના આઠ હજાર કરતાં વધુ લોકોએ સ્વરૂચિ ભોજન લીધું હતું.

## પ્રદેશ યુવક કોંગ્રેસનાં પ્રવકતા નિર્મળ પટેલે વેધક પ્રશ્ન ઉપસ્થિત કર્યો

# ગાંધીનાં ગુજરાતમાં ગામડે-ગામડે દારૂ પહોંચે છે કેવી રીતે ?

### રાજયમાં દારૂબંધી હોવા છતાં પણ દારૂ અને અન્ય નશાના પદાર્થો યુવાનો સુધી પહોંચી કેમ રહ્યા છે

અમરેલી, તા. ૧૭

ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસનાં પ્રવકતા નિર્મળ પટેલે ગાંધીનાં ગુજરાતમાં દારૂબંધીનાં નિયમોનો ઉલાળીયો થતો હોય રાજયનું યુવાધન બરબાદીમાં ધકેલાતું હોય સર્વ સમાજનાં આગેવાનોને જાગૃત કરવા પત્ર લખેલ છે.

તેઓ સર્વ સમાજના આગેવાનોને લખ્યું હતું કે, યુવાનોમાં વ્યસનનું પ્રમાણ વધી રહ્યું છે જે મહદ અંશે સાચું છે તથા આજે યુવાનો ગામડાઓ છોડીને શહેરો તરફ પલાયન કરી રહ્યા છે જેનું મુખ્ય કારણ કે સ્થાનિક રોજગાર તથા સ્થાનિક ઉચ્ચ અભ્યાસ તથા આરોગ્ય માટેની અવ્યવસ્થાએ આજે યુવાનોને પલાયન કરવા માટે મજબુર કર્યા છે. જેના લીધે ગામડાઓ ખાલી થઈ રહ્યા છે. વધતી બેરોજગારીના લીધે અને વધતી મોંઘવારીના લીધે આજે આ યુવાન મૂંઝાયો છે. ત્યારે અગ્રણીઓ ધ્વારા કહેવામાં આવે છે કે, આજે યુવાનોમાં લાલ કે પીળા પાણીનું પ્રમાણ વધી રહ્યું છે જે સાચું છે તથા અગ્રણીઓ ધ્વારા જાગૃતિ કરવામાં આવે છે તે સરાહનીય છે. પરંતુ આ રાજયમાં દારૂબંધી છે ત્યારે આ દારૂ તથા નશાના પદાર્થ યુવાનો સુધી પહોંચી રહ્યું છે તો કઈ રીતે પહોંચી રહ્યો છે.

### દારૂ કોની રહેમ નજર હેઠળ અને કયાંથી આવે છે તેની તપાસ કરવી જરૂરી

### પોલીસતંત્રને જાણ હોવા છતાં કયાં કારણોસર કાર્યવાહી કરવામાં આવતી નથી

આ દારૂ કયાંથી આવી રહ્યો છે ? કોની રહેમ નજર હેઠળ આવે છે ? પોલીસ તંત્રની જાણ હોવા છતાં કેમ કાર્યવાહી નથી થતી ? પોલીસ તંત્રને જાણ છે છતાં શા માટે અડાવાળા નથી પકડાતા ?

ત્યારે રાજયમાં છેલ્લા ૨૮થી વર્ષથી એક જ પક્ષની સત્તા છે જે દારૂ બંધી તથા રોજગારીની વાતો કરે છે પરંતુ તે જ સત્તા પક્ષનાં સંગઠનનાં ઉપપ્રમુખ ધ્વારા કહેવામાં આવેલ વાત સાચી છે પરંતુ કાર્યવાહી શા માટે નથી થતી ?

### રાજયનાં દરેક સમાજનાં આગેવાનોએ સરકાર ઉપર દબાણ વધારવું જરૂરી

ત્યારે સર્વ સમાજનાં આગેવાનો, અગ્રણીઓ સૌ સાથે મળીને સમાજ શકિતની સાથે રાજશકિત તથા સરકારી તંત્રને કાર્યવાહી કરવા રજૂઆત કરશો તો જ પરિવર્તન આવી શકે. કારણ કે આવા પદાર્થો તંત્રની રહેમ નજર હેઠળ પહોંચી રહ્યા છે તેમ અંતમાં જણાવેલ છે.

---

### એક જ સત્રમાં સફળતાપૂર્વક તબીબી અભિગમની સાબિતી

## સાવરકુંડલાનાં શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે એક સાથે બે લેપ્રોસ્કોપીક ઓપરેશન કરાયા

### તબીબી ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ સિધ્ધિ મેળવી



સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે એક મહિલા દર્દીને પિતાશયમાં ૧૫ એમએમની પથરી અને સાથે સાથે ગર્ભાશયમાં ઘણી બધી ગાંઠ હતી જેને લીધે માસિકનો પ્રવાહ પણ વધારે હતો.આ દર્દીને લપ્રોસ્કોપિક કોલિસિસ્ટેકટોમિ (પિત્તાશય દૂર કરવાનું ઓપરેશન) અને લેપ્રોસ્કોપિક હિસ્ટરેક્ટોમિ (ગર્ભાશય દૂર કરવાનું ઓપરેશન) એવા બે અલગ અલગ ઓપરેશનની જરૂરિયાત હતી. સામાન્ય રીતે આ બંને ઓપરેશન અલગ અલગ કરવામાં આવતા હોય છે. પરંતુ આરોગ્ય મંદિરની ડોકટરઓની ટીમ દર્દીનારાયણને ઓછામાં ઓછી તકલીફ સાથે ઉચ્ચતમ સારવાર કઈ રીતે મળે તે માટેના નિરંતર પ્રયાસોમાં સતત કાર્યરત હોય છે. તે અંતર્ગત આરોગ્યમંદિરના સુપ્રસિદ્ધ જનરલ સર્જન ડો. પ્રકાશ પટેલ તથા અહીંના કુશળ ગાયનેકોલોજિસ્ટ ડો. હેતવી પટેલ બંને ડોકટરઓએ મંત્રણા કરી દર્દીને સમજાવી આજરોજ એક જ ઓપરેશન સત્રમાં બે મુખ્ય લેપ્રોસ્કોપિક ઓપરેશનો એકસાથે સફળતાપૂર્વક પાર પાડયા. જે બાબત તબીબી ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. આ ઓપરેશન દરમિયાન આરોગ્ય મંદિરની સર્જીકલ ટીમ તથા એનેસ્થેસિયા ટીમનો પણ ખૂબ મોટો ફાળો રહ્યો છે.

આ બંને ઓપરેશન અલગ-અલગ પણ કરી શકાય, પરંતુ એક સાથે કરવાની પદ્ધતિ વધુ ફાયદાકારક સાબિત થઈ છે. બંને શસ્ત્રક્રિયાઓ એક જ વખતે થવાના કારણે દર્દીને બે અલગ-અલગ ઓપરેશન કરાવવાની જરૂરિયાત ન રહી, એનસ્થેશિયાનો એક વખત જ ઉપયોગ કરાયો, અને સારવારની કુલ પ્રક્રિયા ઝડપી અને અસરકારક બની.

દર્દી માટે કેટલાં ફાયદા?

ઓછી તકલીફ-એક જ ઓપરેશન થવાથી બે વાર સારવાર લેવાની જરૂર ન પડી.

તીવ્ર પીડા અને જોખમ ઓછું લપ્રોસ્કોપિક પદ્ધતિને કારણે દર્દીને ઓછી પીડા થાય છે અને મોટી કટ લગાવવાની જરૂરિયાત ન રહે.

જલદી સાજા થવાની શકયતાઃ હોસ્પિટલમાં ઓછા દિવસો માટે રહેવું પડે છે અને દર્દી ઝડપથી સ્વસ્થ થઈ શકે છે.

લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, અતિ આધુનિક અને શ્રેષ્ઠ તબીબી સેવા માટે જાણીતું છે. અહીં કુશળ અને અનુભવી તબીબી સ્ટાફ તથા આધુનિક તબીબી સાધનોની ઉપલબ્ધિ હોવાથી દર્દીઓ માટે ઉત્તમ સારવાર આપવામાં આવે છે. હોસ્પિટલ સતત નવી તબીબી તકનીકો અપનાવી રહી છે જેથી દર્દીઓને શ્રેષ્ઠ અને નિશુલ્ક સારવાર મળી રહે. આ મહિલા દર્દીએ પણ ઝડપી સાજા થવાનો અનુભવ કર્યો. આવનારા સમયમાં પણ હોસ્પિટલ નિરંતર નવી તબીબી સિદ્ધિઓ હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહી છે અને વધુને વધુ દર્દીનારાયણને આરોગ્ય સેવાનો લાભ આપવા માટે સતત કાર્યરત રહેશે તેવું અહીંના કુશળ વહીવટકર્તા મેડીકલ સુપ્રીટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયાની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

---

### પિતાનું શકિત પૂજન હોવા છતાં

## સાવરકુંડલાનાં ગોસ્વામી પરિવારે મતદાન કરવાનું કાર્ય કર્યુ

### લોકશાહીને ધબકતી રાખવાનો પ્રયાસ





સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા નગર પાલિકાના વોર્ડ નંબર ત્રણના એક સદસ્ય માટેની સામાન્ય ચૂંટણી હોવાથી સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર ત્રણના મહાદેવવાળી શેરીમાં રહેતા નિલેશપરી ગોસ્વામી અને કેતનપરી ગોસ્વામીના પિતા હરદેવપરી બાપુનું દુઃખદ અવસાન થયેલ તેમનું શકિત પૂજન, ભંડારો, બારમું હોવાથી સાવરકુંડલા શહેરમાં વસતા દશનામ ગોસ્વામી સમાજના ભાઈઓ બહેનો, સંતો, મહંતો તેમજ ગોસ્વામી પરિવારના બહારગામથી મોટી સંખ્યામાં આવેલ સગા સંબંધીઓની વચ્ચેથી ટાઈમ કાઢીને લોકશાહીના પર્વ અને અવશ્ય મતદાન માટે નિલેશપરી ગોસ્વામી, તેમના પત્ની, તેમના બે દીકરા દીપ, હર્ષ તેમજ તેમના માતૃ મંજુલાબેન, કેતનપરી ગોસ્વામી તેમના પત્ની દિવ્યાબેન, પુત્ર દક્ષ અને તેમની પુત્રીએ એમ કુલ નવ લોકોએ સંપૂણ પરિવાર સાથે પોતાના પિતાનું અવસાન બાદ તેમનું બારમું હોવા છતાં મતદાન કર્યુ હતું.

---

### શ્રી પન્ના નાયક ફ્રી પેડ દ્વારા

## સાવરકુંડલા ખાતે સ્વચ્છતા જાગૃતિ શિબિર અને નિઃશૂલ્ક પેડ વિતરણ

### નિરંતર પ્રયોગથી સમાજમાં સકારાત્મક ફેરફાર આવી રહયો છે





સાવરકુંડલા, તા. ૧૭

શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત શ્રી પન્ના નાયક ફ્રી પેડ પ્રોજેક્ટ, શ્રી પન્નાબેન નાયક તથા નટવરભાઈ ગાંધીના સહયોગથી, સાવરકુંડલા અને આસપાસના વિસ્તારની દિકરીઓના આરોગ્ય અને સશક્કિરણ માટે મહવપૂર્ણ કાર્ય કરી રહ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ સાવરકુંડલા તેમજ આજુબાજુના ૧૦થી ૧૨ શાળાઓ તથા કોલેજોમાં અભ્યાસ કરતી દિકરીઓને નિઃશૂલ્ક પેડ વિતરણ કરવામાં આવે છે. માસિક સ્વચ્છતા જાગૃતિ શિબિરમાં આશરે ૨૮૦૦થી ૩૦૦૦ દિકરીઓએ ભાગ લીધો છે અને લગભગ ૬૦,૦૦૦ પેડનું નિઃશૂલ્ક વિતરણ કરવામાં આવ્યું છે. આ શિબિરોનો મુખ્ય હેતુ દિકરીઓમાં માસિક ચક્ર દરમિયાન સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવી, તેમના આરોગ્યનું રક્ષણ કરવું અને તેમને આત્મવિશ્વાસ તથા સશક્કિરણ તરફ પ્રેરિત કરવાનું છે.

શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના મહિલા ડોકટરો દ્વારા આ શિબિરો દરમિયાન વિવિધ શાળાઓ અને કોલેજોમાં જાગૃતિ પ્રવચનો આપવામાં આવે છે. આ પ્રવચનોમાં માસિક ચક્ર દરમિયાન જળવાયેલી સ્વચ્છતા, યોગ્ય ઉપયોગ અને નિવારણના ઉપાયો તથા આવિષયક મિથકો વિશે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. સાથે જ દિકરીઓના મનમાંથી શરમ અને ભય દૂર કરીને તેમને આત્મવિશ્વાસ સાથે જીવન જીવવાની પ્રેરણા આપવામાં આવે છે. આ પ્રોજેક્ટ માત્ર પેડ વિતરણમાં મર્યાદિત નથી, પરંતુ દિકરીઓને શારીરિક તથા માનસિક રૂપે સશક બનાવવાનો શ્રેષ્ઠ પ્રયાસ છે. આ સાથે, તેમના ભવિષ્યને આરોગ્યપ્રદ અને આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ પણ સામેલ છે. દરેક દિકરીને દર બે મહિને આ જ પ્રકારે ફરીથી નિઃશૂલ્ક પેડ વિતરણ કરવામાં આવે છે, જેથી દિકરીઓને સતત માસિક સ્વચ્છતા જાળવવામાં સહાય મળે અને આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવી શકે. શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના આ નિરંતર પ્રયોગથી સમાજમાં સકારાત્મક ફેરફાર આવી રહ્યો છે જે પેઢી દર પેઢી દિકરીઓને શિક્ષિત અને સશક્ત બનાવશે.

---

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪




ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### શ્રદ્ધાળુઓનો ધસારો વધવાથી સ્થિતિ બેકાબૂ થઈ

# વૃંદાવનમાં ભારે ભીડના કારણે પરિસ્થિતિ વણસી: પાંચ ભક્તો બેભાન

### ચક્કર આવવાથી બંને પડી ગયા. તેમને પણ સારવાર આપ્યા બાદ પાછા મોકલવામાં આવ્યા

વૃંદાવન,૧૭

ઠાકુર બાંકેબિહારી મંદિરમાં રવિવારે શ્રદ્ધાળુઓનો ધસારો વધવાથી સ્થિતિ બેકાબૂ થઈ ગઈ. ભીડની વચ્ચે દબાઈને એક મહિલા શ્રદ્ધાળુનો પગ ફ્રેક્ચર થઈ ગયો. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. પાંચ અન્ય મહિલા શ્રદ્ધાળુઓની પણ હાલત બગડી ગઈ. મંદિર પર હાજર ડોક્ટરોની ટીમે તમામને સારવાર આપી.

જે બાદ હાલતમાં સુધારો થયો. સતત વધી રહેલી ભીડના કારણે તંત્ર અને સુરક્ષાની વ્યવસ્થા અપૂરતી નજર આવી.

હોળી પર ઠાકુરજીના દર્શન માટે ભક્તોની ભીડ વૃંદાવન પહોંચી રહી છે. રવિવારે રજાના કારણે શ્રદ્ધાળુઓની સંખ્યા એટલી વધી ગઈ કે તેને કાબૂ કરવી મુશ્કેલ થઈ ગઈ. ધક્કા-મુક્કીની વચ્ચે મંદિર પરિસર અને બહાર સુધી સ્થિતિ બેકાબૂ નજર આવી. આ દરમિયાન કોલકાતાથી દર્શન કરવા આવેલી નેહા ગુપ્તા પડી ગયા. જ્યાં સુધી તેમને ઉઠાવવામાં આવે ત્યાં સુધી ઘણા શ્રદ્ધાળુ તેમના પગની ઉપરથી પસાર થઈ ગયા. તેમને પગમાં ઈજા પહોંચી. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં તેમના પગમાં ફ્રેક્ચર થવાની વાત સામે આવી છે.

બીજી તરફ આખો દિવસ મહિલા શ્રદ્ધાળુઓની ભીડની વચ્ચે હાલત ખરાબ થતી રહી. મંદિર દર્શન દરમિયાન દિલ્હીથી આવેલી નિકિતા ભીડમાં ફસાઈ ગઈ. ગભરામણના કારણે તે બેહોશ થઈ ગઈ. આ સિવાય કોલકાતાના રહેવાસી વૃદ્ધા ગાયત્રી અને તેમની પુત્રી મૌની પણ બેભાન થઈ ગઈ. ત્રણેયને મંદિર પર હાજર ટીમે સારવાર આપી, જે બાદ તેમની સ્થિતિમાં સુધારો થયો. સાંજે દર્શન દરમિયાન હાપુડની તૃષા શર્મા અને શીતલની તબિયત પણ ભીડના કારણે બગડી ગઈ. ચક્કર આવવાથી બંને પડી ગયા. તેમને પણ સારવાર આપ્યા બાદ પાછા મોકલવામાં આવ્યા.

બાંકેબિહારી મંદિરમાં સુરક્ષા વ્યવસ્થા માટે તહેનાત પોલીસ કર્મચારી પણ ભીડના કારણે લાચાર નજર આવ્યા. ભીડ એટલી વધું હતી કે પોલીસ કર્મચારી પોતે તેમની વચ્ચે ફસાઈ રહ્યાં. ભીડને જોતાં પોલીસની વ્યવસ્થા ઓછી પડી રહી છે.

જ્યાં સુધી તંત્ર કોઈ નક્કર પગલાં નહીં ઉઠાવે ત્યાં સુધી સ્થિતિમાં સુધારો મુશ્કેલ છે.

ગયા અઠવાડિયે જ બાંકેબિહારી મંદિર પર સુરક્ષા વ્યવસ્થા અને શ્રદ્ધાળુઓની ગણતરી કરવા માટે ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર મશીન લગાવાયું હતું પરંતુ ભીડનું દબાણ વધવાથી શનિવાર સાંજે આ મશીન ખરાબ થઈ ગયું.

રવિવારે મંદિર તંત્રએ મશીનને હટાવવું પડ્યું. તેનાથી મંદિરની સુરક્ષા પર પણ અસર પડી રહી છે.

### નિખિલ નંદા સહિત નવ લોકો સામે કાર્યવાહી

# અમિતાભ બચ્ચનના જમાઈ સામે આત્મહત્યા માટે ઉશ્કેરણીનો આરોપ

### નિખિલ નંદા એસ્કોર્ટ્સ કુબોટા લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે. તેમની પર આત્મહત્યા માટે ઉશ્કેરણીનો આરોપ લગાવવામાં આવ્યો છે

મુંબઈ,૧૭

બોલિવૂડ એક્ટર અમિતાભ બચ્ચનના જમાઈ સામે ફરિયાદ નોંધાતા ચકચાર મચી છે. જેને પગલે અમિતાભ બચ્ચનની પુત્રી શ્વેતા નંદાના પતિ અને કપૂર પરિવારના સભ્ય નિખિલ નંદા માટે કાનૂની મુશ્કેલીઓ ઊભી થઈ છે. આ કેસમાં નિખિલ નંદા સહિત નવ લોકો વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. નિખિલ નંદા એસ્કોર્ટ્સ કુબોટા લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે. તેમની પર આત્મહત્યા માટે ઉશ્કેરણીનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ કેસ ઉત્તર પ્રદેશના બદાયૂ જિલ્લામાં એક ટ્રેક્ટર એજન્સી ડીલરની આત્મહત્યાનો છે. નિખિલ નંદા પર આત્મહત્યા માટે ઉશ્કેરણીનો આરોપ ફરિયાદી જ્ઞાનેન્દ્ર સિંહે આરોપ લગાવ્યો હતો કે તેમના ભાઈ જિતેન્દ્ર સિંહ, જે દાતાગંજમાં 'જય કિસાન ટ્રેડર્સ' નામની ટ્રેક્ટર એજન્સી ચલાવતા હતા, તેમના પર કંપનીના અધિકારીઓ દ્વારા ટ્રેક્ટરનું વેચાણ વધારવા માટે ભારે દબાણ કરવામાં આવ્યું હતું. આ અધિકારીઓમાં એરિયા મેનેજર આશિષ બાલિયાન, સેલ્સ મેનેજર સુમિત રાઘવ, યુપી હેડ દિનેશ પંત, ફાઈનાન્સિયલ કલેક્શન ઓફિસર પંકજ ભાસ્કર, સેલ્સ લીડર નીરજ મહેરા, શાહજહાંપુરના ડીલર શિશાંત ગુપ્તા અને નિખિલ નંદાનો સમાવેશ થાય છે.આરોપ છે કે આ અધિકારીઓએ જિતેન્દ્રને ધમકી આપી હતી કે જો સેલ્સમાં સુધારો નહીં થાય તો તેમની એજન્સી બંધ કરી દેવામાં આવશે. આ દબાણને કારણે, જિતેન્દ્ર ડિપ્રેશનમાં આવી ગયો અને ૨૨ નવેમ્બર ૨૦૨૪ના રોજ તેણે આત્મહત્યા કરી લીધી હતી.કોર્ટના આદેશ બાદ નિખિલ નંદા પર કેસ નોંધાયો- પોલીસ અગાઉ પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. બાદમાં, કોર્ટના હસ્તક્ષેપ બાદ, દાતાગંજ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ કૃષ્ણકુમાર તિવારીએ જણાવ્યું હતું કે કોર્ટના આદેશ પર, નિખિલ નંદા સહિત તમામ આરોપીઓ સામે આત્મહત્યા માટે ઉશ્કેરણીનો કેસ નોંધવામાં આવ્યો છે.

અમિતાભ બચ્ચનના જમાઈ અને રાજ કપૂરનો દોહિત્ર અમિતાભ બચ્ચનના જમાઈ, નિખિલ નંદા, ભારતીય ઉદ્યોગમાં એક મોટું નામ છે. તે રાજ કપૂરનો દોહિત્ર અને ઋષિ કપૂર, રણધીર કપૂર, રાજીવ કપૂરનો ભત્રીજા છે. તેમજ રણવીર કપૂર, કરીના કપૂરનો ફોઈનો છોકરો છે. તે દાદા-પિતા બાદ ૧૯૯૭માં એસ્કોર્ટ્સ લિમિટેડમાં જોડાયો અને ૨૦૧૮માં તેમના પિતા રાજન નંદાના અવસાન પછી ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તેમના નેતૃત્વ હેઠળ, કંપનીએ ૨૦૨૨માં તેનું નામ બદલીને એસ્કોર્ટ્સ કુબોટા લિમિટેડ રાખ્યું, જે કૃષિ, બાંધકામ અને રેલવે સાધનોમાં વિશેષતા ધરાવે છે. હાલમાં આ મામલે તપાસ ચાલી રહી છે.

નિખિલ નંદાએ ૧૯૯૭માં શ્વેતા બચ્ચન સાથે લગ્ન કર્યા હતા ૧૯૯૭માં નિખિલ નંદાએ શ્વેતા બચ્ચન સાથે લગ્ન કર્યા હતા. શ્વેતા બચ્ચન અને નિખિલ નંદાના લગ્ન સૌથી ભવ્ય લગ્ન પ્રસંગમાંના એક હતા. આ લગ્ન બાદ દેશના બે સૌથી પ્રતિષ્ઠિત પરિવારો એક થયા, જેમાં બચ્ચન પરિવાર ફિલ્મી વારસાને સાચવવા અને નંદા પરિવાર બિઝનેસ જગતમાં ખૂબ જ પ્રખ્યાત છે.

### અગાઉ બે હત્યા મામલે પકડાયા હતા

# અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા વધુ બેની ધરપકડ કરાઇ

### જામીન પર બહાર ગુરવિન્દર સિંહે ટ્રાવેલ એજન્ટને રૂ. ૪૫ લાખ આપી ત્રણ મહિને ગેરકાયદે અમેરિકા પહોંચ્યો હતો

પંજાબ,૧૭

પંજાબ અને હરિયાણા પોલીસે અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા લોકોની ત્રીજી ફ્લાઈટ લેન્ડ થતાં જ બે જણની ધરપકડ કરી હતી. આ બંને આરોપી ગુનો આચરી અમેરિકા ભાગી ગયા હતાં. અગાઉ પંજાબ પોલીસે પણ બે પિતરાઈ ભાઈઓની મર્ડર કેસમાં ધરપકડ કરી હતી.

પંજાબ પોલીસે ડિપોર્ટ કરાયેલા લુધિયાણાના ગુરવિન્દર સિંહ (ઉ.વ. ૨૬)ની ધરપકડ કરી છે. જેને પોલીસ ૨૦૨૧થી શોધી રહી હતી. તેની બિન-જામીનપાત્ર વોરંટ હતાં. બીજી તરફ ગુરવિન્દર સિંહના પરિવારજનોએ તેની ધરપકડને રાજકીય હેતુ માટે થઈ હોવાનું જણાવ્યું છે. શિરોમણી અકાલી દળ સાથે તેના ભૂતકાળના જોડાણોના કારણે તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે તેની વિરૂદ્ધ બે એફઆઈઆર નોંધી તપાસ હાથ ધરી તેની ધરપકડ કરી હતી. બાદમાં તેને જામીન આપવામાં આવ્યા હતાં. જામીન પર બહાર ગુરવિન્દર સિંહે ટ્રાવેલ એજન્ટને રૂ. ૪૫ લાખ આપી ત્રણ મહિને ગેરકાયદે અમેરિકા પહોંચ્યો હતો.

હરિયાણા પોલીસે ડિપોર્ટ થયેલા સાહિલ વર્માની એરપોર્ટ પરથી જ ધરપકડ કરી હતી. કુરુક્ષેત્રના પેહોવા ગામનો રહેવાસી સાહિલે મે, ૨૦૨૨માં સગીરાની જાતીય સતામણી અને મારી નાખવાની ધમકી આપી હતી. જેના બદલ પોલીસે પોક્સો એક્ટ હેઠળ તેની ધરપકડ કરવાની કવાયત હાથ ધરી હતી. જો કે, વર્મા પોલીસની નજરોમાંથી છટકી વિયેતનામ પહોંચ્યો હતો. બાદમાં ઈટલી જતો રહ્યો હતો. બે વર્ષ સુધી ઈટલીમાં રહ્યા બાદ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મેક્સિકો થઈ અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ્યો હતો. જો કે, યુએસ બોર્ડર કંટ્રોલે તેની બોર્ડર પર જ ધરપકડ કરી લીધી હતી. તેણે વિદેશ ભાગી જવા માટે રૂ. ૩૮ લાખ આપ્યા હતા.

અમેરિકાથી ડિપોર્ટેશનની કાર્યવાહીની સાથે સાથે સ્થાનિક પોલીસ પણ ડિપોર્ટ કરાયેલા લોકો વિરૂદ્ધ તપાસ હાથ ધરી ભૂતકાળના ગુનાઓ સંબંધિત ધરપકડ કરી રહી છે.ગુજરાત પોલીસ પણ અમદાવાદ એરપોર્ટ પર પહોંચેલા ડિપોર્ટીઓના ડોક્યુમેન્ટ્સની ચકાસણી તેમજ તપાસ કર્યા બાદ ઘરે જવા મંજૂરી આપી રહી છે. અમેરિકાથી આવેલી ત્રીજી ફ્લાઈટમાં ૧૧૭ લોકોને ડિપોર્ટ કર્યા છે.

# રાષ્ટ્રીય પક્ષોમાં ચૂંટણી ભંડોળનો ૭૫ ટકા હિસ્સો ભાજપનો!

### જે પક્ષો દ્વારા ECI ને સુપરત કરાયેલ તેમના વાર્ષિક ઓડિટ અહેવાલમાં જાહેર કરવામાં આવ્યું છે

નવી દિલ્હી ,૧૭

રાજકીય પક્ષો પાસે ભંડોળના અનેક સ્ત્રોત હોય છે અને તેથી જવાબદારી અને પારદર્શિતા તેમના કાર્યપદ્ધતિનો એક મહત્વપૂર્ણ પાસું હોવું જોઈએ. વ્યાપક અને પારદર્શક હિસાબી પદ્ધતિઓ અને પ્રણાલીઓ હોવી જરૂરી છે જે પક્ષોની સાચી નાણાકીય સ્થિતિ જાહેર કરે.

ભારતીય ચૂંટણી પંચ એ ૧૯ નવેમ્બર ૨૦૧૪ ના રોજ તમામ રાજકીય પક્ષોના પ્રમુખો/જનરલ સેક્રેટરીઓને સંબોધિત પત્રમાં જણાવ્યું હતું કે પક્ષો માટે તેમના ઓડિટેડ અહેવાલોની વિગતો કમિશનને સબમિટ કરવી ફરજિયાત છે. આ અહેવાલ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સર્વ-રાષ્ટ્રીય પક્ષો દ્વારા સમગ્ર ભારતમાં કરવામાં આવેલી કુલ આવક અને ખર્ચનું વિશ્લેષણ કરે છે, જે પક્ષો દ્વારા ECI ને સુપરત કરાયેલ તેમના વાર્ષિક ઓડિટ અહેવાલમાં જાહેર કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય પક્ષોમાં ભારતીય જનતા પાર્ટી , ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ બહુજન સમાજ પાર્ટી ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) CPI(M), આમ આદમી પાર્ટી અને રાષ્ટ્રીય પીપલ્સ પાર્ટીનો સમાવેશ થાય છે.

પક્ષો માટે વાર્ષિક ઓડિટેડ હિસાબો રજૂ કરવાની અંતિમ તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ હતી. ફક્ત BSP, NPEP અને AAP એ સમયસર તેમના ઓડિટ અહેવાલો સબમિટ કર્યા હતા જ્યારે CPI(M), INC અને BJP એ અનુક્રમે ૧૨ દિવસ, ૫૩ દિવસ અને ૬૬ દિવસના વિલંબ પછી સબમિટ કર્યા હતા.

ભાજપે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ ૪૩૪૦.૪૭૩ કરોડ રૂપિયાની આવક જાહેર કરી હતી પરંતુ તેમાંથી માત્ર ૫૦.૯૬% ખર્ચ કર્યો હતો, જે ૨૨૧૧.૬૯૮ કરોડ રૂપિયા હતો. INC ની કુલ આવક ૧૨૨૫.૧૧૯કરોડ રૂપિયા હતી, જ્યારે વર્ષ માટે તેનો ખર્ચ ૧૦૨૫.૨૪૮ કરોડ રૂપિયા હતો, જે તેની કુલ આવકના ૮૩.૬૯% છે. સીપીઆઈ(એમ)ની કુલ આવક ૧૬૭.૬૩૬ કરોડ રૂપિયા હતી જ્યારે પાર્ટીએ ૧૨૭.૨૮૩ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા, જે તેની આવકના ૭૫.૯૩% છે. બસપાની કુલ આવક ૬૪.૭૭૯૮ કરોડ રૂપિયા હતી, જ્યારે વર્ષ માટે તેનો ખર્ચ ૪૩.૪૮૯ કરોડ રૂપિયા હતો, જે તેની કુલ આવકના ૬૬.૬૭% છે. રાષ્ટ્રીય પક્ષોની કુલ આવક તેમના વાર્ષિક ઓડિટ અહેવાલોમાં રજૂ કરાયેલા વિવિધ સ્ત્રોતોમાંથી આવકમાંથી સંકલિત કરવામાં આવી છે. ૬ રાષ્ટ્રીય પક્ષો (ભાજપ, કોંગ્રેસ, સીપીઆઈ(એમ), આપ, બસપા અને એનપીઈપી) એ સમગ્ર ભારતમાંથી એકત્રિત કરાયેલી કુલ ૫૮૨૦.૯૧૨ કરોડ રૂપિયાની આવક જાહેર કરી છે.

ભાજપે રાષ્ટ્રીય પક્ષોમાં સૌથી વધુ આવક દર્શાવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨-૨૪ દરમિયાન ૪૩૪૦.૪૭૩ કરોડ રૂપિયાની આવક છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૬ રાષ્ટ્રીય પક્ષોની કુલ આવકના આ ૭૪.૫૬૭% છે. કોંગ્રેસે ૧૨૨૫.૧૧૯ કરોડ રૂપિયાની બીજી સૌથી વધુ આવક જાહેર કરી છે જે ૬ રાષ્ટ્રીય પક્ષોની કુલ આવકના ૨૧.૦૪૭% છે.

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ વચ્ચે, ભાજપની આવક ૮૩.૮૫% (રૂ. ૧૯૭૯.૬૨૯ કરોડ) વધીને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રૂ. ૨૩૬૦.૮૪૪ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન રૂ. ૪૩૪૦.૪૭૩ કરોડ થઈ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન INC ની આવક ૪૫૨.૩૭૫ કરોડ રૂપિયાથી ૧૭૦.૮૨% (રૂ. ૭૭૨.૭૪૪ કરોડ) વધીને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન રૂ. ૧૨૨૫.૧૧૯ કરોડ થઈ અને CPI(M) ની આવક ૧૮.૩૪% (રૂ. ૨૫.૯૭૫ કરોડ) વધીને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રૂ. ૧૪૧.૬૬૧ કરોડ રૂપિયાથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન રૂ. ૧૬૭.૬૩૬ કરોડ થઈ.

દાન કે ફાળામાંથી સૌથી વધુ આવક મેળવનાર રાષ્ટ્રીય પક્ષોમાં ભાજપ – રૂ. ૩૯૬૭.૧૪૮૪ કરોડ, કોંગ્રેસ – રૂ. ૧૧૨૯.૬૬૯૮ કરોડ, સીપીઆઈ(એમ)–રૂ. ૭૪.૮૬૭ કરોડ, આપ – રૂ. ૨૨.૧૩૯ કરોડ અને એનપીઈપી – રૂ. ૧૭.૬૯ લાખનો સમાવેશ થાય છે. કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલ રૂ. ૫૮.૫૫૮ કરોડના કૂપન જારી કરીને સંગ્રહ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન તેની કુલ આવકના ૪.૭૮% છે.

ભાજપ માટે મહત્તમ ખર્ચ ચૂંટણી/સામાન્ય પ્રચાર પાછળ રહ્યો છે જે રૂ. ૧૭૫૪.૦૬૫ કરોડ અને ત્યારબાદ વહીવટી ખર્ચ પાછળ ખર્ચ રૂ. ૩૪૯.૭૧૮ કરોડ રહ્યો છે. કોંગ્રેસનો મહત્તમ ખર્ચ ચૂંટણી ખર્ચ પાછળ ૬૧૯.૬૭૨ કરોડ રૂપિયા રહ્યો છે, ત્યારબાદ વહીવટી અને સામાન્ય ખર્ચ પાછળ ૩૪૦.૭૦૨ કરોડ રૂપિયા ખર્ચાયા છે. સીપીઆઈ(એમ) એ વહીવટી અને સામાન્ય ખર્ચ પાછળ ૫૬.૨૯૩૨ કરોડ રૂપિયા ખર્ચ્યા છે, ત્યારબાદ કર્મચારી ખર્ચ પાછળ ૪૭.૫૭ કરોડ રૂપિયા ખર્ચાયા છે.

ભાજપ, કોંગ્રેસ અને આપ નામના ૩ રાષ્ટ્રીય પક્ષોએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ચૂંટણી બોન્ડ દ્વારા દાનમાંથી તેમની કુલ આવકના ૪૩.૩૬% (રૂ. ૨૫૨૪.૧૩૬૧ કરોડ) એકત્રિત કર્યા છે. ભાજપને ૧૬૮૫.૬૨૬૧ કરોડ રૂપિયા, કોંગ્રેસને ૮૨૮.૩૬ કરોડ રૂપિયા અને આપને ૧૦.૧૫ કરોડ રૂપિયાના ચૂંટણી બોન્ડ દ્વારા દાન મળ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન, ૬ રાષ્ટ્રીય પક્ષોએ દાન/ફાળામાંથી કુલ રૂ. ૨૬૬૯.૮૬૫ કરોડની આવક મેળવ્યાનું જાહેર કર્યું.

CPI(M), INC અને BJP પક્ષોએ ૧૨ દિવસથી ૬૬ દિવસના વિલંબ પછી તેમના ઓડિટ અહેવાલો સબમિટ કર્યા. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રાષ્ટ્રીય પક્ષો માટે ખર્ચની સૌથી સામાન્ય અને લોકપ્રિય વસ્તુઓ ચૂંટણી ખર્ચ અને વહીવટી/સામાન્ય ખર્ચ છે.

ADR ની RTI અરજીના જવાબમાં SBI દ્વારા શેર કરાયેલા ડેટા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં પક્ષો દ્વારા રૂ. ૪૫૦૭.૫૬૧૩ કરોડના ચૂંટણી બોન્ડ રિડીમ કરવામાં આવ્યા હતા. આમાંથી ૫૫.૯૯૮% (રૂ. ૨૫૨૪.૧૩૬૧ કરોડ) રાષ્ટ્રીય પક્ષો દ્વારા રિડીમ કરવામાં આવ્યા છે. ભાજપ, INC અને AAP નામના ૩ રાષ્ટ્રીય પક્ષોએ ૪૩.૩૬% (રૂ. ૨૫૨ રૂપિયા) એકત્ર કર્યા હતા.

### ચીન અંગે આપેલા નિવેદનથી વિવાદ ઉભો થઇ ગયો છે

# ચીન આપણો દુશ્મન નથી: કોંગ્રેસ નેતા સામ પિત્રોડાનું વિવાદિત નિવેદન

### અમેરિકાનો સ્વભાવ દુશ્મન બતાવવાનો છે. હવે સમય આવી ગયો છે કે બધાં દેશો એકજુટ થઇ જાય અને એકબીજા સામે અથડામણ ન કરે'

ચીન,૧૭

કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા સામ પિત્રોડાએ હાલમાં ચીન અંગે આપેલા નિવેદનથી વિવાદ ઉભો થઈ ગયો છે. તેમનું માનવું છે કે, ભારતે ચીનને દુશ્મન દેશ માનવાનું બંધ કરી દેવું જોઈએ. હવે તેમના નિવેદનને લઈને ભાજપે કોંગ્રેસ નેતા પર આકરા પ્રહારો કર્યા છે. આગાઉ પણ સામ પિત્રોડા પોતાની નિવેદનબાજીને લઈને ચર્ચામાં રહી ચૂકયા છે.

મીડિયા રિપોર્ટ અનુસાર સામ પિત્રોડાએ જણાવ્યું હતું કે, 'મને ખબર નથી પડતી કે ચીનથી શું ખતરો છે? મને લાગે છે કે આ મુદ્દાને હંમેશા વધારે પડતો ચગાવવામાં આવે છે. કારણ કે, અમેરિકાનો સ્વભાવ દુશ્મન બતાવવાનો છે. હવે સમય આવી ગયો છે કે બધાં દેશો એકજુટ થઈ જાય અને એકબીજા સામે અથડામણ ન કરે.'

હકીકતમાં તેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત અંગે સવાલ પૂછવામાં આવ્યો હતો. જેના જવાબના તેમણે કહ્યું હતું કે, 'શરૂઆતથી જ આપણું વલણ બીજા સાથે અથડામણ કરવાનું રહ્યું છે અને આ જ પદ્ધતિ દુશ્મનો બનાવે છે. જેને લઈને પહેલા દેશમાં સમર્થન ઉભું કરવામાં આવે છે. આપણે આ માનસિકતાને બદલવી પડશે અને ચીન પહેલાથી જ આપણું દુશ્મન છે તેવું માનવાનું બંધ કરવું પડશે. આ ખોટી બાબત છે તે ફક્ત ચીન માટે જ નહી પરંતુ બધા માટે ખોટું છે.'

ભાજપના પ્રવક્તા તુહિન સિન્હાએ આ મુદ્દે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પર નિશાન સાધતા કહ્યું હતું કે, 'જે લોકોએ આપણી ૪૦ ચોરસ કિલોમીટર જમીન ચીનને આપી દીધી અને તે લોકોને હવે ચીનથી કોઈ ખતરો નથી દેખાઈ રહ્યો. આ કોઈ આશ્ચર્યની વાત નથી રાહુલ ગાંધી ચીનથી ડરે છે અને ની ઘોષણાના એક દિવસ પહેલા તેઓ BRI પર ભાર મૂકી રહ્યા હતા. ચીન પ્રત્યે કોંગ્રેસ પાર્ટીના આકર્ષણનું રહસ્ય વર્ષ ૨૦૦૮માં કોંગ્રેસ અને CCP વચ્ચે થયેલા MOU છે.

### વૈશ્વિક ક્રૂડ ટ્રેડમાર્ક બ્રેન્ટ સતત ઘટી રહ્યો છે

# ટ્રમ્પની જાહેરાત બાદ એક ઝાટકે ઓઇલની કિંમતોમાં ઘટાડો

### સોમવારે વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૨૦ સેન્ટ્સ અથવા ૦.૨% ઘટીને ૭૪.૫૯ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે

નવી દિલ્હી ,૧૭

રશિયા અને યુક્રેન વચ્ચે લગભગ ત્રણ વર્ષથી ચાલી રહેલું યુદ્ધ હવે પૂરું થઈ શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સમજૂતી ઈચ્છે છે અને આ માટે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ટ્રમ્પે કહ્યું છે કે, 'હું આ મામલે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને પણ મળીશ.' આ મુલાકાત સાઉદી અરબમાં થશે. એવામાં હવે રશિયા અને યુક્રેન વચ્ચે સંભવિત શાંતિ સમજૂતીના કારણે ક્રૂડ ઓઈલની કિંમતો ઘટી રહી છે. ટ્રમ્પના ટેરિફની અસર ક્રૂડ ઓઈલની કિંમતો પર પણ પડી રહી છે.

સોમવારે વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૨૦ સેન્ટ્સ અથવા ૦.૨% ઘટીને ૭૪.૫૯ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના વહીવટી અધિકારીઓએ યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવા માટે રશિયા સાથે વાતચીત શરૂ કરી ત્યારથી બ્રેન્ટ ક્રૂડના ભાવ ચાર સત્રોમાં ૩.૧% ઘટ્યા છે.તેમજ અમેરિકાનું વેસ્ટ ટેક્સાસ ક્રૂડ સોમવારે ૨૩ સેન્ટ અથવા ૦.૩% ઘટીને ઈ૭૦.૫૧ પ્રતિ બેરલ પર હતું. WTI છેલ્લા ચાર સત્રોમાં ૩.૮% ઘટ્યું છે અને સોમવારે ઘટીને $૭૦.૧૨ પ્રતિ બેરલ થઈ ગયું છે. ૩૦ ડિસેમ્બર પછી WTIમાં આ સૌથી મોટો ઘટાડો છે. રોઈટર્સ અનુસાર, નિસાન સિક્યોરિટીઝના એકમ એનએસ ટ્રેડિંગના પ્રમુખ હિરોયુકી કિકુકાવાએ જણાવ્યું હતું કે, 'રશિયા-યુક્રેન યુદ્ધવિરામ અને રશિયા પરના પ્રતિબંધો હળવા થવાની સંભાવના પર બજારો મંદી છે. ટ્રમ્પ જે ટેરિફ લાદી રહ્યા છે તેના કારણે મંદીની પણ સંભાવનાઓ છે. જેની અસર ક્રૂડ ઓઈલનાં ભાવ પર થઈ રહી છે.'૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ, યુએસ અને યુરોપીય સંઘએ યુક્રેન સાથે યુદ્ધ શરૂ કરવા બદલ રશિયા પર સખત પ્રતિબંધો લાદ્યા હતા, જેમાં તેની ઓઈલની નિકાસને પણ અસર થઈ હતી. રશિયન ઓઈલ પરના પ્રતિબંધને કારણે, રશિયાના સમુદ્ર દ્વારા ઓઈલની સપ્લાય ઘણી ઓછી થઈ ગઈ હતી.

જાણો રશિયા અને યુક્રેનની શાંતિ સમજૂતીથી ભારતને શું ફાયદો થશે ભારત વિશ્વમાં ક્રૂડ ઓઈલનો ત્રીજો સૌથી મોટો ઉપભોક્તા છે અને તેની ૮૫%થી વધુ જરૂરિયાતો પૂરી કરવા માટે આયાત પર નિર્ભર છે. આથી રશિયા ભારતનું ટોચનું ક્રૂડ ઓઈલ સપ્લાયર હોવાથી રશિયા અને યુક્રેન વચ્ચેના શાંતિ કરારથી ભારતને ઘણો ફાયદો થવાનો છે.એનર્જી કાર્ગો ટ્રેકિંગ ફર્મ વોર્ટેક્સા અનુસાર, ડિસેમ્બર ૨૦૨૪માં ભારતની કુલ ક્રૂડ ઓઈલની આયાતમાં રશિયન ઓઈલનો હિસ્સો ૩૧% હતો, જ્યારે નવેમ્બર ૨૦૨૪માં તે ૩૬% હતો. રશિયાના ઓઈલ પર અમેરિકી પ્રતિબંધોને કારણે ભારત રશિયા સાથે ઓઈલના વેપારમાં સમસ્યાનો સામનો કરી રહ્યું છે. ખરીદેલ ઓઈલના પેમેન્ટની પણ સમસ્યા થતી. પરંતુ જો રશિયા પર લાગેલા પ્રતિબંધો હટાવવામાં આવશે તો ભારતને ફાયદો થશે.

તેમજ ભારતની વિકાસશીલ અર્થવ્યવસ્થા ક્રૂડ ઓઈલ આધારિત છે, જે ઓઈલના ભાવમાં ઘટાડા અને વધારાથી ભારે અસરગ્રસ્ત છે. ઓઈલના ભાવ વધે તો ભારતમાં ફુગાવો વધે છે અને જો ઘટે તો ફુગાવો પણ ઓછો થાય છે. જ્યારે ઓઈલ સસ્તું થાય છે, ત્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ ઘટાડો થાય છે, જે માલનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઘટાડે છે. જેના કારણે માલના ભાવમાં ઘટાડો થાય છે.

### સત્તાવાર જાહેરાત

# ST કર્મચારીનું ચાલુ નોકરીએ અવસાન થાય તો પરિજનોને રૂ. ૧૪ લાખની સહાય અપાશે

### કર્મચારીઓ કોઈ પણ તહેવારની રજા લીધા વિના ફરજ પર હર હમેશ નિષ્ઠાથી કાર્યરત રહે છે

ગાંધીનગર,૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ST નિગમના કર્મયોગીઓ માટે સંવેદનશીલ નિર્ણય કર્યો છે, જે અંતર્ગત STના કર્મચારીનું ચાલુ નોકરી દરમિયાન અવસાન થાય તો તેના કુટુંબને રૂ.૧૪/- લાખની સહાય આપવામાં આવશે તેમ, ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.યાદીમાં વધુમાં જણાવ્યા મુજબ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થાનથી બીજા સ્થાને પહોચાડવા માટે ST નિગમના કર્મચારીઓ કોઈ પણ તહેવારની રજા લીધા વિના ફરજ પર હર હમેશ નિષ્ઠાથી કાર્યરત રહે છે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના કર્મયોગીને કોઈ પણ પ્રકારે અવસાન થાય થાય ત્યારે રાજ્ય સરકાર દ્વારા તેના આશ્રિત કુટુંબને રૂ.૧૪ લાખની સહાય આપવાનો નિર્ણય કર્યો છે.આ સહાય પહેલા ST નિગમમાં વિવિધ સેવાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ પૈકી ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ – ૪ના નિયમિત કર્મચારીઓના આશ્રિત કુટુંબને કર્મચારીની બાકી રહેલ નોકરીના સમયગાળાને ધ્યાનમાં લઈને રૂ.૪/-લાખ, રૂ.૫/-લાખ અને રૂ.૬/-લાખની ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવામાં આવતી હતી. આ સિવાય ST નિગમના નિયુકત કરાયેલા પાંચ વર્ષિય ફિકસ પગારની કરારીય સેવાના વર્ગ-૩ અને વર્ગ-૪ ના અવસાન પામેલ કર્મચારીઓના આશ્રિત કુટુંબને રૂ. ૪ લાખની ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવામાં આવતી હતી.

રાજ્ય સરકારના આ નિર્ણયથી નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલા વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના તા.૨૪ સપ્ટેમ્બર ૨૦૨૨ કે ત્યારબાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાનના કિસ્સામાં સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિત કુટુંબને રૂ.૧૪/-લાખની ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવાની રહેશે, આ ઉપરાંત વિવિધ કચેરીઓ ખાતે નિયુકત કરાયેલ પાંચ વર્ષિય ફિકસ પગારની કરારીય સેવાના વર્ગ-૩ અને વર્ગ-૪ના અવસાન પામેલ કર્મચારીઓના આશ્રિત કુટુંબને રૂ.૧૪ લાખ ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવામાં આવશે.

અત્રે ઉલેખ્ખનીય છે કે, ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલા વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ અને પાંચ વર્ષની ફિકસ કરારીય સેવામાં નિમણુંક પામેલ કર્મચારીનું ચાલુ ફરજ દરમિયાન તા. ૧૨ ઓકટોબર ૨૦૨૩ કે ત્યારબાદ અવસાન પામનાર વર્ગ -૩ અને વર્ગ- ૪ના ૧૫૩ કર્મચારીઓના આશ્રિત કુટુંબોને રાજ્ય સરકાર દ્વારા ૨૧ કરોડથી વધુની સહાય આપવામાં આવશે. જેમાં જૂની યોજના પ્રમાણે ૧૨૪ કર્મચારીઓના આશ્રિત કુટુંબોને રાજ્ય સરકાર દ્વારા ૫ કરોડ ૩૨ લાખની સહાય કરવામાં આવી છે અને બાકીની સહાય પણ ટુક સમયમાં આપવામાં આવશે એમ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે.

# દિલ્હીમાં વહેલી પરોઢે ૪.૦ તીવ્રતાના ભૂકંપથી લોકોમાં ફફડાટ

**ભૂકંપ એટલો જોરદાર હતા કે ઇમારતો ધ્રુજવા લાગી અને લોકો પોતાના ઘરોમાંથી બહાર નીકળી આવ્યા, ઝાડ પર બેઠેલા પક્ષીઓ પણ મોટા અવાજો સાથે અહીં-ત્યાં ઉડવા લાગ્યા**

નવી દિલ્હી, તા.૧૭

સોમવારે સવારે દિલ્હીમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. પૃથ્વી ઘણી સેકન્ડ સુધી હચમચાવતી રહી. લોકો ગભરાઈને પોતાના ઘરોમાંથી બહાર દોડી ગયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.0 માપવામાં આવી હતી, તેનું કેન્દ્ર દિલ્હી નજીક પૃથ્વીથી ૫ કિલોમીટર નીચે હતું. એટલા માટે જોરદાર ભૂકંપ અનુભવાયા હતા. થોડીક સેકન્ડ સુધી ચાલેલા ભૂકંપના આંચકા એટલા જોરદાર હતા કે ઈમારતોની અંદર તીવ્ર કંપન અનુભવાયા. સવારે ૫:૩૬ વાગ્યે ભૂકંપના જોરદાર આંચકા આવ્યા હતા, જેનાથી લોકોની ઊંઘ હરામ થઈ ગઈ.એક અધિકારીએ જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્ર ધૌલા કુઆનમાં દુર્ગાબાઈ દેશમુખ કોલેજ ઓફ સ્પેશિયલ એજ્યુકેશન નજીક હતું. અધિકારીએ જણાવ્યું કે ભૂકંપનું કેન્દ્રબિંદુ જ્યાં હતું તેની નજીક એક તળાવ છે. આ પ્રદેશમાં દર બે થી ત્રણ વર્ષે એક વાર નાના અને ઓછી તીવ્રતાના ભૂકંપ આવે છે. તેમણે કહ્યું કે, ૨૦૧૫માં અહીં ૩.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. પીએમ મોદીએ ટ્વિટર પર એક પોસ્ટમાં લોકોને સાવધ રહેવાની વિનંતી કરી અને કહ્યું, 'દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા. અમે દરેકને શાંત રહેવા અને સલામતીની સાવચેતીઓનું પાલન કરવા વિનંતી કરીએ છીએ. અધિકારીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

# જન્મના પ્રમાણપત્રમાં સુધારાને લઈને ગુજરાત હાઇકોર્ટનો મહત્વનો ચુકાદો

**હવેથી આધાર કાર્ડ, પાનકાર્ડ અને ડ્રાઇવિંગ લાઇસન્સ જેવા સરકારી રેકર્ડમાં દર્શાવેલ જન્મ તારીખ માન્ય રહેશે નહીં માત્ર જન્મના પ્રમાણપત્રમાં નોંધાયેલ તારીખ જ માન્ય રહેશે**

અમદાવાદ,૧૭

ગુજરાત હાઈકોર્ટ દ્વારા જન્મના પ્રમાણપત્રમાં સુધારાને લઈને મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં હવેથી આધાર કાર્ડ, પાનકાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા સરકારી રેકર્ડમાં દર્શાવેલ જન્મ તારીખ માન્ય રહેશે નહીં માત્ર જન્મના પ્રમાણપત્રમાં નોંધાયેલ તારીખ જ માન્ય રહેશે.

મળતી માહિતી મુજબ, એક અરજદાર દ્વારા પોતાના જન્મના દાખલામાં તારીખ સુધારાની અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. જેને લઈને હાઈકોર્ટે આજે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે અને જન્મના દાખલામાં તારીખ સુધારાની અરજી ફગાવી દેતા આધાર કાર્ડ, પાનકાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા સરકારી રેકર્ડમાં દર્શાવેલ જન્મ તારીખ માન્ય રહેશે નહીં માત્ર જન્મના પ્રમાણપત્રમાં નોંધાયેલ તારીખ જ માન્ય રહેશે તેવું જાહેર કર્યું હતું.

મહત્વનું છે કે, અગાઉ વર્ષો પૂર્વે કાઢવામાં આવેલા સરકારી દસ્તાવેજોમાં ક્યારેક બધા દસ્તાવેજોમાં અરજદારની જન્મ તારીખ અલગ-અલગ દર્શાવેલી જોવા મળતી હતી. ત્યારે અમુક કિસ્સાઓમાં આધાર કાર્ડ, પાનકાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા સરકારી રેકર્ડમાં દર્શાવેલ જન્મ તારીખ માન્ય રાખવામાં આવતી હતી અથવા કેટલીક કચેરીઓમાં આ માન્ય રહેતું ન હતું. જેના લીધે સરકારી કર્મચારીઓ સાથે અરજદારોને ઘર્ષણ થતું હતું.

### રામલીલા મેદાનમાં થશે કાર્યક્રમ

# દિલ્હીમાં ૨૦ ફેબ્રુઆરીના રોજ મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ સમારંભ યોજાશે

**પોલીસ સૂત્રોએ રવિવારે જણાવ્યું કે, રામલીલા મેદાન આ સંભવિત સ્થળમાંથી એક છે, જેના પર વિચાર થઈ રહ્યો છે**

નવી દિલ્હી,૧૭

દિલ્હીમાં ૨૦ ફેબ્રુઆરીના રોજ મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ સમારંભ યોજાશે. રામલીલા મેદાનમાં આ ખાસ સમારંભનું આયોજન કરવામાં આવશે. સોમવારે થનારી ભાજપ ધારાસભ્ય દળની બેઠક રદ થઈ ગઈ છે. હવે ૧૯ ફેબ્રુઆરી, બુધવાર સાંજે ૫ વાગ્યે લગભગ ભાજપ ધારાસભ્ય દળની બેઠક થશે અને ૨૦ ફેબ્રુઆરી, ગુરુવારે શપથગ્રહણ સમારંભ યોજાશે. શપથ ગ્રહણનો કાર્યક્રમ રામલીલા મેદાનમાં આયોજીત થશે.

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની જીત બાદ નવા મંત્રીમંડળના શપથ ગ્રહણ સમારંભ રામલીલા મેદાનમાં યોજાશે. વિધાનસભા ચૂંટણીના પરિણામોની જાહેરાત ૮ ફેબ્રુઆરીના રોજ થઈ હતી. પોલીસ સૂત્રોએ રવિવારે જણાવ્યું કે, રામલીલા મેદાન આ સંભવિત સ્થળમાંથી એક છે, જેના પર વિચાર થઈ રહ્યો છે.

દિલ્હીમાં ૫ ફેબ્રુઆરીએ થયેલી ચૂંટણીમાં ભાજપને ૭૦ વિધાનસભા સીટોમાંથી ૪૮ સીટ મળી છે, જ્યારે આમ આદમી પાર્ટીને ૨૨ સીટો મળી છે. દિલ્હીમાં ૨૭ વર્ષ બાદ ભાજપની સરકાર બનવા જઈ રહી છે. આ કારણે શપથ ગ્રહણ સમારંભ ખૂબ જ ભવ્ય રહેવાનો છે.

જો કે હજુ સુધી એ નક્કી નથી થયું કે દિલ્હીમાં ભાજપ તરફથી મુખ્યમંત્રી કોણ બનશે. દિલ્હીમાં મુખ્યમંત્રીના નામને લઈને ભારતીય જનતા પાર્ટીના ટોચના નેતાઓની કેટલીય બેઠકો થઈ ગઈ છે. આ બેઠકો બાદ જ સીએમના નામ પર અંતિમ મહોર લાગશે.

### પીએમ મોદી પર આતિશીની ટીખળ

# ૧૦ દિવસ વીત્યાં, પીએમ મોદીને તેમના કોઈ ધારાસભ્ય પર ભરોસો નથી

**આમ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી આતિશીએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે**

નવીદિલ્હી,૧૭

દિલ્હીમાં ભાજપની પ્રચંડ જીત થઈ હોવા છતાં હજુ સુધી સીએમ પદનો ચહેરો જાહેર થયો નથી. જેના લીધે આમ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી આતિશીએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે ભાજપને જ પોતાના ધારાસભ્યો પર વિશ્વાસ ન હોવાનું મોટું વિવાદસ્પદ નિવેદન આપ્યું છે.આતિશીએ જણાવ્યું કે, 'દિલ્હીની પ્રજાને આશા હતી કે આઠ ફેબ્રુઆરીએ ચૂંટણીના પરિણામો બાદ ભાજપ નવમી ફેબ્રુઆરીએ પોતાના મુખ્યમંત્રીની જાહેરાત કરશે અને શપથ ગ્રહણ સમારોહ પણ ૧૦ ફેબ્રુઆરીએ યોજાશે, દિલ્હીની જનતા ઈચ્છતી હતી કે ભાજપ ૧૧ ફેબ્રુઆરીથી કામગીરી સંભાળશે. પરંતુ સમય વીતિ રહ્યો છે અને ભાજપે હજુ સુધી પોતાના મુખ્યમંત્રીની પસંદગી પણ કરી નથી. જે સ્પષ્ટપણે દર્શાવે છે કે, ભાજપ પાસે સીએમનો કોઈ ચહેરો નથી.'આતિશીએ દાવો પણ કર્યો છે કે 'પીએમ મોદી ચૂંટાયેલા ૪૮ ધારાસભ્યોમાંથી કોઈ પર પણ વિશ્વાસ કરતા નથી. તેઓ કોઈને પણ મુખ્યમંત્રી પદ માટે સક્ષમ માનતા નથી.

ભાજપના ૪૮ ધારાસભ્યો પાસે માત્ર એક જ કામ બાકી છે, તે બધા દિલ્હીની જનતાના પૈસા વેડફશે અને તેને લૂંટશે.' અગાઉ પણ આમ આદમી પાર્ટી ભાજપ પર આ જ પ્રકારના નિશાન સાધી ચૂકી છે. ઉલ્લેખનીય છે, ચૂંટણી પરિણામો બાદ ભાજપ નેતા જય પાંડાએ કહ્યું હતું કે 'દિલ્હીને ૧૦ દિવસમાં નવા સીએમ મળશે.'મીડિયા સુત્રો અનુસાર, ૧૯મી ફેબ્રુઆરીએ ધારાસભ્ય દળની બેઠક છે અને ૨૦મી ફેબ્રુઆરીએ સાંજે ૪.૩૦ કલાકે નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ યોજાઈ શકે છે. પાર્ટીએ હજુ તેની ઔપચારિક જાહેરાત કરી નથી, પરંતુ માનવામાં આવી રહ્યું છે કે કાર્યક્રમ આ દિશામાં આગળ વધશે. સીએમની રેસમાં પરવેશ વર્મા સહિત અનેક દિગ્ગજ નેતાઓના નામ બોલાઈ રહ્યા છે. જેમાં મહિલાને સીએમ બનાવે તેવી અટકળો પણ વહેતી થઈ છે.

### ૭ એપ્રિલથી શરૂ થશે એક્ઝામ

# ધોરણ ૩થી ૮ સુધીના વિદ્યાર્થીઓની પરીક્ષાનો કાર્યક્રમ થયો જાહેર

**ધોરણ ૩ અને ધોરણ ૪ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં ઉત્તરો લખવાના રહેશે**

ગાંધીનગર,તા.૧૭

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા ધોરણ ૩થી ધોરણ ૮ની દ્વિતીય સત્રાંત પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. રાજ્યભરની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓની દ્વિતીય સત્રાંત પરીક્ષા ૭ એપ્રિલથી શરૂ થશે અને ૨૫ એપ્રિલ સુધી પૂર્ણ થઈ જશે. પરીક્ષાનો સંપૂર્ણ કાર્યક્રમ પણ જાહેર કરી દેવામાં આવ્યો છે.

ગુજરાતમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે. હવે ધોરણ ૩થી ૮માં અભ્યાસ કરતા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો પરીક્ષાનો કાર્યક્રમ જાહેર થઈ ગયો છે.

ધોરણ ૩થી ૮ની પરીક્ષા ૭ એપ્રિલથી શરૂ થશે અને ૨૫ એપ્રિલ સુધી સમાપ્ત થશે. આ માટે વિગતવાર કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે.રાજ્યની તમામ શાળાઓ માટે જાહેર કરવામાં આવેલા નિયમો પ્રમાણે ધોરણ ૩ અને ધોરણ ૪ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં ઉત્તારો લખવાના રહેશે. જ્યારે ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓને અલગથી ઉત્તારવહી આપવામાં આવશે જેમાં જવાબો લખવાના રહેશે. સત્રાંત પરીક્ષા અંતર્ગત ઉત્તરવહીઓની ચકાસણી શાળા કક્ષાએ જ કરવામાં આવશે

### ફડણવીસ સામે શિંગડા ભરાવવા તૈયાર શિંદે?

# મહારાષ્ટ્રમાં પ્રચંડ બહુમતી છતાં સરકારમાં ડખા

**મહારાષ્ટ્રમાં સીએમ રિલીફ ફંડ હોવા છતાં ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ પોતાની મેડિકલ રિલીફ સેલ શરૂ કર્યું છે**

મહારાષ્ટ્ર,૧૭

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી હલચલ મચી ગઈ છે. આ વખતે મહાયુતિની અંદર જ ડખા હોય તેવું લાગી રહ્યું છે. એવું લાગે છે કે એકનાથ શિંદે નારાજ છે અને દેવેન્દ્ર ફડણવીસથી અલગ જ ચાલી રહ્યા હોય એવું લાગે છે. અગાઉ, એકનાથ શિંદે ફડણવીસની સભાઓમાંથી ગાયબ રહ્યા હતા. હવે તેમણે એવો નિર્ણય લીધો છે, જેના કારણે એવું લાગી રહ્યું છે કે સીએમ-ડેપ્યુટી સીએમ વચ્ચેનો વિવાદ વધી ગયો છે. મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ મેડિકલ રિલીફ સેલ શરૂ કર્યું છે. મહારાષ્ટ્રમાં સીએમ રિલીફ ફંડ હોવા છતાં ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ પોતાની મેડિકલ રિલીફ સેલ શરૂ કર્યું છે. મંગેશ ચિવેટ-પાટીલને એકનાથ શિંદેના મેડિકલ રિલીફ સેલના વડા બનાવવામાં આવ્યા છે. એકનાથ શિંદેની મેડિકલ રિલીફ સેલ આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ લોકોને મદદ કરશે. કારણ કે આરોગ્ય વિભાગ એકનાથ શિંદે પાસે છે. એટલે કે, શિંદેની શિવસેનાના નેતા પ્રકાશરાવ અબિટકર હાલમાં આરોગ્યમંત્રી છે. જો કે, મેડિકલ રિલીફ સેલ સીએમ રિલીફ ફંડની જેમ સીધી નાણાકીય મદદ પૂરી પાડશે નહીં. આમ છતાં એકનાથ શિંદેના આ પગલાને વિદ્રોહી વલણ તરીકે જોવામાં આવી રહ્યું છે. અગાઉ જ્યારે દેવેન્દ્ર ફડણવીસ ડેપ્યુટી સીએમ હતા ત્યારે તેમની પાસે કાયદો અને ન્યાય વિભાગ હતો. તેમાં તેઓ ખાનગી ચેરીટેબલ હોસ્પિટલમાં દર્દીઓને મદદ કરતા હતા. જોકે, આ પહેલી ઘટના નથી જેમાં મતભેદો સામે આવ્યા હોય. આ પહેલા પણ દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદે વચ્ચે મતભેદ જોવા મળ્યા છે.

આટલું જ નહિ પરંતુ મહારાષ્ટ્ર રાજ્ય પરિવહનમાં અધિક મુખ્ય સચિવને સ્જીઈ્ઝના હેડ બનાવવા પર પણ વિવાદ થયો હતો. એકનાથ શિંદે કેમ્પના પરિવહનમંત્રી આ પદ પોતાની પાસે રાખવા માગતા હતા. રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં એકનાથ શિંદેના નામને લઈને પણ હોબાળો થયો હતો. આ પછી તેમાં એકનાથ શિંદેનો સમાવેશ કરવામાં આવ્યો. આ કારણોસર મહાયુતિમાં મહાભારતની શક્યતાઓ દેખાઈ રહી છે. હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે શિંદેની નારાજગીનું કારણ શું છે.

### ફડણવીસ સામે શિંગડા ભરાવવા તૈયાર શિંદે?

# મહારાષ્ટ્રમાં પ્રચંડ બહુમતી છતાં સરકારમાં ડખા

**મહારાષ્ટ્રમાં સીએમ રિલીફ ફંડ હોવા છતાં ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ પોતાનુ મેડિકલ રિલીફ સેલ શરૂ કર્યું છે**

ગાંધીનગર,૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં વસવાટ કરતા નાગરિકોના ઈઝ ઓફ લિવિંગ વધારવાના હેતુથી શહેરી જનસુખાકારીના કામો માટે નાણાં ફાળવણીનો ઉદાત્ત અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીએ તેમની સમક્ષ મહાનગરપાલિકાઓ, નવરચિત મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના જનસુખાકારી વિકાસ કામો માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા રજૂ થયેલી દરખાસ્તોના અનુસંધાને એક જ દિવસમાં એક સાથે કુલ ૫૩૭.૨૧ કરોડ રૂપિયા મંજૂર કરીને પારદર્શી અને ઝડપી નિર્ણય શક્તિનું વધુ એક દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે.

★ અમદાવાદ મહાનગરપાલિકાને મળશે નવી ૨૬૭ ઈલેક્ટ્રિક બસ

★ અમદાવાદ સહિત ચાર મહાનગરપાલિકાઓ માટે રૂ.૩૦૯.૭૮ કરોડ

★ નવરચિત પોરબંદર મહાનગરપાલિકાને સિટી બ્યુટીફિકેશન અને સફાઈ કામગીરી માટે રૂ.૧૩.૩૫ કરોડ સહિત ૨૫ કરોડ રૂપિયા મંજૂર

★ દ્વારકા નગરપાલિકાને મુખ્યમંત્રી શહેરી સડક યોજનાના કામો માટે રૂ.૧૩૧.૭૬ કરોડ ફાળવાશે

★ બેટ દ્વારકા, નાગેશ્વર અને શિવરાજપુર પ્રવાસનધામની મુલાકાતે આવનારા પ્રવાસીઓ તથા દ્વારકાના નગરજનોને ટ્રાફિક જામની સમસ્યાથી મુક્તિ મળશે

★ વિસનગર-પાલનપુર-ટંકારા-કેશોદ-સિદ્ધપુર અને માંડવી નગરપાલિકાઓને કુલ રૂ.૭૦.૪૮ કરોડ

આ સંદર્ભમાં તેમણે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકો અંતર્ગત ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ અને ભાવનગર એમ ચાર મહાનગરપાલિકાઓને કુલ રૂ.૩૦૯.૭૨ કરોડ જનસુખાકારીના કામો માટે ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તદનુસાર, ગાંધીનગર મહાનગરપાલિકાને ખાનગી સોસાયટી જનભાગીદારીના ૧૦ કામો માટે રૂ.૩.૯૮ કરોડ, ભાવનગર મહાનગરપાલિકાને ડ્રેનેજ નેટવર્ક, વોટર સપ્લાય, રોડ અને સ્ટ્રીટ લાઈટના કામો માટે આંતરમાળખાકીય સુવિધા વૃદ્ધિ અન્વયે રૂ.૩૫ કરોડ ફાળવવામાં આવશે.આ ઉપરાંત રાજકોટ મહાનગરમાં રાજકોટ-જેતપુર માર્ગ ફોર લેનથી સિક્સ લેનમાં દ્રઊંછૈં દ્વારા રૂપાંતરિત કરવાની ચાલી રહેલી કામગીરીના સંદર્ભમાં પાણી પુરવઠા આધારિત પાઈપલાઈન શિફ્ટ કરવાના કામો માટે રૂ.૨૧૨.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરપાલિકાને મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અંતર્ગત ૨૬૦ ઈલેક્ટ્રિક બસ અને ૭ ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસ માટે અનુદાન તરીકે ૫૮.૪૭ કરોડ રૂપિયાની ફાળવણી માટે મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવરચિત પોરબંદર મહાનગરપાલિકાને સિટી બ્યુટીફિકેશન તથા સફાઈ કામગીરી માટે રૂ.૧૩.૩૫ કરોડ અને વહીવટી ક્ષમતા વૃદ્ધિના કામો માટે રૂ.૧૧.૬૯ કરોડ મળીને કુલ ૨૫ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી છે.

આ ઉપરાંત રાજ્યની અન્ય સાત નગરપાલિકાઓમાં વિસનગરને ખાનગી સોસાયટી જનભાગીદારી અંતર્ગત સી.સી. રોડ તથા પેવર બ્લોક લગાવવાના ૧૦ કામો માટે રૂ.૧.૫૨ કરોડ, પાલનપુરમાં ઘરોની ગટર લાઈનને મુખ્ય ગટર લાઈન સાથે જોડવાના ૧૬૬ કામો માટે રૂ.૧૧.૬૧ લાખ તથા સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજ કામ માટે રૂ.૫૫.૮૬ કરોડ, સિદ્ધપુરમાં વોટર વર્કસ અને ડ્રેનેજ હાઉસ માટે નવી પમ્પિંગ મશીનરી માટે રૂ.૩.૫૬ કરોડ તેમજ આઉટ ગ્રોથ એરિયા વિકાસ કામો અંતર્ગત સી.સી. રોડ બનાવવા માટે ટંકારાને રૂ.૧.૯૧ કરોડ તથા કેશોદને રૂ.૫.૯૯ કરોડ ફાળવવાની મુખ્યમંત્રીશ્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે દ્વારકા નગરપાલિકાને રૂ.૧૩૧.૭૬ કરોડ ફાળવવામાં આવશે. આ રકમમાંથી દ્વારકા શહેરથી આશરે બે કિલોમીટર પૂર્વે નેશનલ હાઈવે પરથી રૂપેણ બંદર એક્ઝિટ આપી નવા ફોર લેન રોડને કનેક્ટ કરાશે. જેમાં વરસાદી પાણીનો નિકાલ, ફૂટપાથ, સાયકલ ટ્રેક વગેરે સુવિધાના કામો હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત દ્વારકા નગરના રુક્ષમણી માતા મંદિર પાસેથી માઈનોર બ્રીજ અને અન્ય સુવિધાઓથી બાયપાસ રિંગરોડ બનાવવાનો પણ મુખ્યમંત્રી શહેરી સડક યોજનાના કામોમાં સમાવેશ કરાશે.

આના પરીણામે દ્વારકાધીશના દર્શન માટે આવતા યાત્રિકો તેમજ શિવરાજપુર પ્રવાસનધામની મુલાકાતે આવનારા પ્રવાસન પ્રેમીઓ અને નાગેશ્વર, બેટ દ્વારકા તથા ઓખા તરફ આવતા-જતા નાગરિકોને વાહનવ્યવહાર માટે વધુ સુવિધા મળશે. આ ઉપરાંત દ્વારકાધીશને ધજા ચડાવવા આવતા યાત્રિકો માટે પણ દ્વારકા નગરમાં થતી ટ્રાફિક જામની સમસ્યાનું નિવારણ થશે. મુખ્યમંત્રીએ કચ્છ જિલ્લાની માંડવી નગરપાલિકામાં ચોમાસાને કારણે નુકસાન પામેલા માર્ગોના રિસરફેસિંગ માટે વધારાની ગ્રાન્ટ તરીકે રૂ.૧.૭૦ કરોડ ફાળવ્યા છે.

### પરિણામોના સપ્તાહ પછી પણ CM અંગે સસ્પેન્સ

# દિલ્હીમાં મુખ્યમંત્રીનું નામ બે દિવસમાં જાહેર કરાશે

**ભાજપને મળેલી સ્પષ્ટ બહુમતિ છતાં હજી સુધી મુખ્યમંત્રીના નામ અંગેનું સસ્પેન્સ યથાવત રહ્યું છે**

નવી દિલ્હી, તા.૧૭

દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થયાને એક સપ્તાહ કરતાં વધુ સમય થઈ ગયો છે. ભાજપને મળેલી સ્પષ્ટ બહુમતિ છતાં હજી સુધી મુખ્યમંત્રીના નામ અંગેનું સસ્પેન્સ યથાવત રહ્યું છે. દિલ્હી ભાજપના અધ્યક્ષ વિરેન્દ્ર સચદેવાએ આપેલાં સંકેતો અનુસાર, દિલ્હીની કમાન કોને સોંપાશે તે જાણવા માટે થોડી રાહ જોવી પડશે. એક સવાલના જવાબમાં સચદેવાએ જણાવ્યું હતું કે, અમે એકાદ- બે દિવસમાં તમને સારા સમાચાર આપીશું. નવા મુખ્યમંત્રીની પસંદગી પહેલાં, ભાજપ વિધાનસભા પક્ષની બેઠકની અધ્યક્ષતા માટે ઓછામાં ઓછામાં બે કેન્દ્રીય નિરીક્ષકની નિમણૂક કરાશે જે ગૃહના નેતાની પસંદગી કરશે.સરકાર રચવામાં વધુ પડતો વિલંબ થઈ રહ્યો હોવાની વાતને ફગાવતાં તેમણે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે આ કવાયતમાં ૭-૮ દિવસ થઈ જતાં હોય છે.

મારા મતે આ મામલે કોઈ વિલંબ નથી થયો. નવા મુખ્યમંત્રીનું નામ જાહેર કરવાના સચદેવાના ઈનકારથી, નવી સરકારની રચનાનો શપથ ગ્રહણ કાર્યક્રમ ૧૯ ફેબ્રુઆરીએ જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં યોજાવાની દિલ્હી ભાજપમાં ચાલતી અટકળોને વેગ મળ્યો છે.નવી દિલ્હીઃ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન(એમસીડી)ના આપના ત્રણ કાઉન્સિલર ભાજપમાં જોડાઈ ગયાં હતાં. દિલ્હી ભાજપના અધ્યક્ષ વિરેન્દ્ર સચદેવાની હાજરીમાં આપના અનિતા બસોયા, નિખિલ ચપ્રાણા તથા ધર્મવીર ભાજપમાં જોડાયાં હતાં. આ ત્રણ સભ્યો જોડાતાં દિલ્હી મ્યુ. કોર્પોરેશનમાં ભાજપના કાઉન્સિલર્સની સંખ્યા વધીને ૧૧૩ થઈ છે, જેને પરિણામે કોર્પોરેશનમાં પણ આપને ખદેડી ભાજપ સત્તામાં આવે તેવી શક્યતા છે. દિલ્હી મ્યુ. કોર્પોરેશનમાં કુલ ૨૫૦ બેઠકો છે. જેમાંથી આપના કાઉન્સિલર્સની સંખ્યા ૧૨૧ છે. આ પૈકીના ત્રણ વિધાનસભામાં ચૂંટાતા હાલ તેની પાસે ૧૧૮ બેઠકો છે. તેમાંથી ત્રણ શનિવારે ભાજપમાં જોડાતાં હવે તેની સભ્ય સંખ્યા ઘટીને ૧૧૫ રહી છે.

### કેજરીવાલની મુશ્કેલીઓ વધી

# 'શીશ મહેલ'ની તપાસના આદેશ આપવામાં આવ્યા

**સેન્ટ્રલ વિજિલન્સ કમિશને બાંધકામના ધોરણોનું ઉલ્લંઘન થયાના આરોપીની વિગતવાર તપાસ CPWDને સોંપી**

નવી દિલ્હી, તા.૧૭

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓ અટકવાનું નામ નથી લઈ રહી. પહેલા દિલ્હીમાં પોતાની બેઠક સાથે સત્તા ગુમાવી દીધી અને હવે 'શીશ મહેલ'ની ઘટના તેને પરેશાન કરી રહી છે. સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)એ સેન્ટ્રલ પબ્લિક વર્કર્સ ડિપાર્ટમેન્ટ (CPWD)ને 6, ફ્લેગસ્ટાફ રોડ, સિવિલ લાઈન્સ ખાતે આવેલા 'શીશ મહેલ'ના નવીનીકરણ અને વિસ્તરણ દરમિયાન બાંધકામના ધોરણોનું ઉલ્લંઘન થયાના આરોપોની વિગતવાર તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. જેમાં એવું કહેવામાં આવ્યું છે કે 40000 ચોરસ યાર્ડ (8 એકર)માં વૈભવી બંગલાના નિર્માણ માટે મકાન નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું.મહત્વનું છે કે, 14 ઓક્ટોબર 2024ના રોજ અરવિંદ કેજરીવાલના પૂર્વ નિવાસસ્થાન પર ગેરકાયદેસર બાંધકામ અંગે સીવીસીમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે CPWD દ્વારા અરવિંદ કેજરીવાલના સત્તાવાર મુખ્યમંત્રી નિવાસસ્થાન અંગે તથ્યપૂર્ણ અહેવાલ રજૂ કર્યા બાદ CVCએ 13 ફેબ્રુઆરીએ તપાસનો આદેશ આપ્યો હતો.આ તપાસ ભાજપ તરફથી વધી રહેલા રાજકીય દબાણ વચ્ચે થઈ રહી છે. થોડા દિવસ પહેલા દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ અગાઉ લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સકસેનાને પત્ર લખીને ચાર સરકારી મિલકતોના વિલીનીકરણને રદ કરવા વિનંતી કરી હતી. સચદેવાએ આરોપ લગાવ્યો હતો કે, મુખ્યમંત્રીના નિવાસસ્થાનને અડીને આવેલી સરકારી મિલકતોનો સમાવેશ કરીને ગેરકાયદેસર રીતે વિસ્તૃત કરવામાં આવ્યું છે, જે મ્યુનિસિપલ અને જમીન ઉપયોગના નિયમોનું ઉલ્લંઘન કરે છે.

### ઉત્તર મધ્ય રેલ્વેએ કર્યો મહત્ત્વનો નિર્ણય

# ભીડના ભારે દબાણને કારણે UPનું રેલ્વે સ્ટેશન કર્યુ બંધ

**મહાકુંભ મેળામાં ભારે ભીડને કારણે, ઉત્તર મધ્ય રેલ્વે ના પ્રયાગરાજ સંગમ રેલ્વે સ્ટેશનને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું છે**

પ્રયાગરાજ, તા.૧૭

મહાકુંભ મેળામાં ભારે ભીડને કારણે, ઉત્તર મધ્ય રેલ્વે ના પ્રયાગરાજ સંગમ રેલ્વે સ્ટેશનને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું છે. રેલવેએ પહેલા ૧૪ ફેબ્રુઆરી સુધી સ્ટેશન બંધ રાખવાનો નિર્ણય લીધો હતો, પછી ૧૬ ફેબ્રુઆરી સુધી, પરંતુ ભીડનું દબાણ ઓછું ન થતાં, હાલ પૂરતું સ્ટેશન બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ સ્ટેશનથી ટ્રેન પકડનારાઓએ હવે ફાફામાઉ રેલ્વે સ્ટેશન જવું પડશે.પ્રયાગરાજ વિસ્તારના નવ સ્ટેશનોમાંથી એક, પ્રયાગરાજ સંગમ, મેળા વહીવટીતંત્રની માંગ પર અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું છે. પ્રયાગરાજ વિસ્તારના બાકીના ૮ સ્ટેશનો સામાન્ય રીતે કાર્યરત રહેશે.મહાકુંભ મેળામાં ભારે ભીડને કારણે, ઉત્તર મધ્ય રેલ્વે (દ્ગઝ્રઇ) ના પ્રયાગરાજ સંગમ રેલ્વે સ્ટેશનને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું છે. રેલવેએ પહેલા ૧૪ ફેબ્રુઆરી સુધી સ્ટેશન બંધ રાખવાનો નિર્ણય લીધો હતો, પછી ૧૬ ફેબ્રુઆરી સુધી, પરંતુ ભીડનું દબાણ ઓછું ન થતાં, હાલ પૂરતું સ્ટેશન બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ સ્ટેશનથી ટ્રેન પકડનારાઓએ હવે ફાફામાઉ રેલ્વે સ્ટેશન જવું પડશે.પ્રયાગરાજ વિસ્તારના નવ સ્ટેશનોમાંથી એક, પ્રયાગરાજ સંગમ, મેળા વહીવટીતંત્રની માંગ પર અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું છે. પ્રયાગરાજ વિસ્તારના બાકીના ૮ સ્ટેશનો સામાન્ય રીતે કાર્યરત રહેશે.તેમણે કહ્યું કે આ પ્રોટોકોલ હેઠળ, પ્રયાગરાજ જંકશનમાં પ્રવેશ શહેર બાજુથી અને બહાર નીકળવાનો રસ્તો સિવિલ લાઈન્સ બાજુથી કરવામાં આવી રહ્યો છે અને મુસાફરોને ટ્રેન પ્લેટફોર્મ પર આવે ત્યાં સુધી હોલ્ડિંગ એરિયામાં રાખવામાં આવે છે. પ્રયાગરાજ જંકશન પર તૈનાત ઈંહ્વ ઈન્સ્પેક્ટર શિવ કુમારે જણાવ્યું હતું કે પ્રયાગરાજ જંકશન પર ભીડ નિયંત્રણમાં છે.રેલવે પોલીસના એડિશનલ ડાયરેક્ટર જનરલ (છડ્ઢય્) પ્રકાશ ડી.એ જણાવ્યું હતું કે ટ્રેનોની ક્ષમતા મર્યાદિત હોવાથી અમે મુસાફરોને રાખવા માટે હોલ્ડિંગ એરિયા ચિહ્નિત કર્યા છે. પ્લેટફોર્મની ક્ષમતા પણ મર્યાદિત છે. સ્ટેશન પર આવતા વધારાના મુસાફરોને હોલ્ડિંગ એરિયામાં રાખવામાં આવે છે. પ્રકાશે કહ્યું કે પ્રયાગરાજમાં અમે ૯૦ હોલ્ડિંગ વિસ્તારો ઓળખી કાઢ્યા છે કારણ કે અમારી પાસે આઠ રેલ્વે સ્ટેશન છે. પ્રયાગરાજમાં દરરોજ ૫૦૦ ટ્રેનો દોડે છે અને અમે મુસાફરોને પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરવા વિનંતી કરીએ છીએ.

### શિક્ષણ બોર્ડે આપી જાણકારી

# ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને હોલ ટીકીટ મળવાનું શરૂ

**શાળાઓ દ્વારા સહી-સિક્કા કરીને આ હોલટિકિટ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને આપવામાં આવશે**

અમદાવાદ,તા.૧૭

૨૭ ફેબ્રુઆરીથી ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થઈ રહી છે. બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ પોતાની હોલટિકિટ આજથી ડાઉનલોડ કરી શકશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. આજથી શાળાઓ બોર્ડની વેબસાઈટ પરથી હોલટિકિટ ડાઉનલોડ કરી શકશે.

બાદમાં શાળાઓ દ્વારા સહી-સિક્કા કરીને આ હોલટિકિટ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને આપવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે આપેલી માહિતી પ્રમાણે ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થનાર પરીક્ષા માટે હોલટિકિટ ૧૭ ફેબ્રુઆરીથી ડાઉનલોડ કરી શકાશે. ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ સ્કૂલ પાસેથી આ હોલટિકિટ મેળવી લેવાની રહેશે. સ્કૂલ બોર્ડની વેબસાઈટ ssc.gsebht.in અથવા bsebht.in અથવા bseb.org પરથી પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે.શાળાઓએ બોર્ડની વેબસાઈટ પરથી હોલટિકિટ ડાઉનલોડ કરવાની રહેશે. ત્યારબાદ તેમાં પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડવાનો રહેશે. હોલટિકિટમાં પરીક્ષાર્થીની સહી, વર્ગ શિક્ષકની સહી અને સ્કૂલના આચાર્યના સહી-સિક્કા કરવાના રહેશે. પરીક્ષા દરમિયાન આ હોલટિકિટ દર્શાવીને જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

# અમરેલીનાં ગજેરા વિદ્યાસભા કેમ્પસમાં વસંતોત્સવ ઉજવાયો



શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે તારીખ ૧૫/૨/૨૫ના રોજ ભવ્યાતી ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનાં મુખ્ય મહેમાન અને સમારોહના ઉદઘાટક તરીકે પરશોતમભાઈ રૂપાલા, સામાજિક અને રાજકીય આગેવાનો અને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, અશોકભાઈ ગજેરા, સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ શિક્ષણ પ્રેમી લોકો, શાળા સંચાલકો, સેવાકીય સંસ્થાના પ્રમુખઓ, તેમજ વર્તમાન અને ભૂતપૂર્વ સ્ટુડન્ટસ અને પેરેન્સ વગેરે બહોળી સંખ્યામાં હાજર રહેલા પેરેન્ટસ, ઉપસ્થિત રહ્યા હતા. રમત–ગમત, કલા–કૌશલ્યમાં રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ સુવર્ણપદક, રજતપદક, કાસ્યપદક પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ સાથે–સાથે સંસ્થામાં પ્રથમવાર વાર્ષિક પરિક્ષામાં પ્રથમ, દ્વિતિય, તૃતિય ક્રમ પ્રાપ્ત કરનાર ૨૬૯ જેટલા વિદ્યાર્થીઓને આ સમારોહમાં સિલ્વર મેડલ સંસ્થા દ્વારા આપી સન્માનિત કરેલ. ભૂતપૂર્વ સ્ટુડન્ટસ એમડી/ એબીબીએસ/ બીએએમએસ/સીએ કક્ષાએ જેઓએ સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. સંસ્થાના કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીના માર્ગદર્શનથી સમિતિ ઈન્ચાર્જઓ અને તેની ટીમના સભ્યો તેમજ ટીચીંગ–નોનટીચીંગ સ્ટાફના અનન્ય પ્રયાસથી આ કાર્યક્રમ અદભૂત/અવિસ્મરીણય/અલૌકિક રીતે ઉજવવામાં આવ્યો. આ તકે કાર્યક્રમના ઉદઘાટક પરશોતભાઈ રૂપાલાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, અમરેલીમાં શિક્ષણ ક્ષેત્રે બાલમંદિરથી કોલેજ સુધીનો અભ્યાસ તેમાં પણ સરકારની બે–બે યોજનાઓ ડિએલએસએસ અને જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસીલેન્સ ચાલે છે, આ કેમ્પસ ૧૦૦ એકરના વિશાળ જગ્યામાં આધુનિક ઈન્ફાસ્ટ્રકચર ધરાવે છે. જે સંસ્થાનું સંચાલન અને માર્ગદર્શન વસંતભાઈ ગજેરા જેવા કેળવણીકારના નેતૃત્વથી થાય છે ત્યારે મધ્યમ વર્ગમાંથી આવતા પરિવારો માટે તેમના બાળકોનું ઉચ્ચ ઘડતર આર્શિવાદ સમાન છે તેવી આ શૈક્ષણિક સંસ્થાના તમામ સ્ટાફ અને સંચાલકો અભિનંદનને પાત્ર છે. સ્વયંભૂ પધારેલા વાલીઓ અને શિક્ષણ પ્રેમી લોકોની બહોળી ઉપસ્થિતિએ આ કાર્યક્રમને દિપાવ્યો હતો. સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા રાસ–ગરબા, નાટક, ડાન્સ, પિરામીડ તેમજ વ્યસન મુકિત માટેના નાટકો રજૂ કરી આજની યુવા પેઢીમાં ઘર કરી ગયેલા વ્યસનો વિશે ખૂબ જ સરસ નાટક દ્વારા તેનો સંદેશો આપેલ જેના માટે વાલીઓ તેમજ મહેમાનો હાજર રહેલ તમામ વ્યકિતઓએ તાલીઓના નાદથી આકાશ ગજવી દીધુ હતું.

પાના ૮ ઉપરનું ચાલું
## જિલ્લાની ૪ પાલિકાની ચૂંટણીમાં

ચલાલા નગરપાલિકાની ચૂંટણી માટે ૫૮.૧૧ ટકા મતદાન થયું હતું. એકંદરે ૭૫,૫૪૯ મતદારોમાંથી ૪૬,૩૧૦ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કરતા ચારેય પાલિકામાં ૫૯.૭૨ ટકા સરેરાશ મતદાન થયું હતું મતદાન એકંદરે શાંતિપૂર્ણ હતું. જો કે રાજુલામાં ત્રણ સ્થળે ભાજપ–કોંગ્રીના કાર્યકરો ટકરાયા હતા. એક કાર્યકર તો હોસ્પિટલમાં પણ દાખલ થયા હતા. જો કે બાદમાં એકેય પક્ષેથી પોલીસ ફરિયાદ નોંધાઈ ન હતી.

અમરેલી નગરપાલિકાની પેટા ચૂંટણીમાં લાઈબ્રેરી ચોક બુથ બહાર પણ મારામારી અને ગાળાગાળીની ઘટના બની હતી. પણ બાદમાં મામલો થાળે પડયો હતો. જયારે લાઠીમાં વોર્ડ નંબર ૫માં મતદાનના આરંભે ઈવીએમ અટવાયું હતું. કોંગ્રેસના ઉમેદવારનું બટન કામ કરતું ન હતું. મરામત બાદ પણ એજ પ્રશ્ન યથાવત રહેતા આખરે ઈવીએમ બદલાયું હતું.

સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર ત્રણના એક સદસ્યનું અવસાન થતા તેમની ખાલી જગ્યા માટે સાત મતદાન મથકો પર વોર્ડ નંબર ત્રણના કુલ ૬૪૭૯ મતદારોમાંથી ૨૮૧૭ મતદારોએ મતદાન કર્યુ હતું. અહીં ૪૩.૪૮ ટકા મતદાન થવા પામ્યું હતું. સાવરકુંડલા નગરપાલીકા વોર્ડ નંબર ત્રણના એક સદસ્ય માટે મતદાન મથકોમાં વાણીજય વેરા કચેરી આડી શેરી પારેવા ઘર, સનરાઈઝ માધ્યમિક શાળા રૂમ નંબર એક શિવાજીનગર, સનરાઈઝ પ્રાથમીક શાળા દક્ષીણ બાજુનો શિવાજીનગર, સનરાઈઝ પ્રાથમીક શાળા દક્ષીણ બાજુનો રૂમ નંબર બે, નિવીદયા સ્કુલ રૂમ નંબર એક દાસીજીવન સોસાયટી અને નિવીદયા સ્કુલ રૂમ નંબર બે દાસીજીવન સોસાયટી, સરકારી પ્રાથમીક શાળા નંબર છ ઉતર બાજુ રૂમ નંબર બે માધવાણીની વાડી, સરકારી પ્રાથમીક શાળા નંબર ત્રણ દક્ષીણ બાજુનો રૂમ નંબર બે આઝાદ ચોક એમ કુલ સાત મતદાન મથકો પર મતદાન કર્યુ હતું. વોર્ડ નંબર ત્રણના એક સદસ્ય માટે કુલ ૬૪૭૯ મતદારોમાં ૩૩૭૮ પુરૂષો અને ૩૧૦૧ મહિલા મતદારો હતા જેમાંથી ૧૫૭૫ પુરૂષો અને ૧૨૪૨ મહિલાઓએ મતદાન મળી કુલ ૨૮૧૭ મતદારોએ મતદાન કર્યું હતું.

મીઠાપુર ડુંગરી સીટ પર ૪૧.૩૯ ટકા મત પડયા.

ધારી તાલુકાની મીઠાપુર ડુંગરી સીટ પર લોકોએ હોશેહોશે મતદાન કર્યુ હતું. ગઈકાલે પાલિકાની ચૂંટણી સાથે ધારી તાલુકા પંચાયતની મીઠાપુર ડુંગરી સીટ માટે પેટા ચૂંટણી યોજાઈ હતી. અહીં ૫૧૨૨ મતદારમાંથી ૨૧૨૦ મતદાર એટલે કે ૪૧.૩૯ ટકા મતદારોએ મતદાન કર્યુ હતું.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૧ | ૧૪૯૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૩૫ | ૧૦૬૦ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૦૮૮ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૭૧ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૭૨૧ |
| ૬ | જુવાર | ૯૧૧ | ૯૧૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૩૬ | ૭૦૭ |
| ૮ | ઘઉં લોકવન | ૬૨૬ | ૬૨૬ |
| ૯ | અડદ | ૧૨૧૫ | ૧૩૭૨ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૧૧૨૯ |
| ૧૧ | તુવેર | ૧૦૩૨ | ૧૪૪૭ |
| ૧૨ | કપાસ | ૮૯૯ | ૧૪૮૫ |
| ૧૩ | એરંડા | ૧૧૪૦ | ૧૨૧૦ |
| ૧૪ | ધાણા | ૧૦૦૦ | ૧૫૯૦ |
| ૧૫ | ધાણી | ૧૧૦૦ | ૨૬૫૦ |
| ૧૬ | અજમા | ૧૨૨૫ | ૨૨૯૦ |
| ૧૭ | સોયાબીન | ૬૦૦ | ૭૭૧ |
| ૧૮ | મરચા લાંબા | ૩૩૦ | ૨૬૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલાની રવિવારી બજારમાં

ખાતે સોનીની દુકાને સોનાના હારનું વજન કરાવવા તેમજ સોનાની બુટી નાની હોય તે બુટી મોટી કરાવવા માટે વધારાના રૂપિયાની જરૂર પડયેથી તેણીએ પોતાના ઘરેથી રોકડા રૂપિયા ૫૫,૦૦૦ સાથે લઈ ગયેલ હોય અને બપોરના આશરે એકાદ વાગ્યે આ મહિલા રાજુલા માર્કટ યાર્ડ સામે પહોંચતા સામે રવિવારી બજાર ભરાયેલ હોય. જેથી તેણી રવિવારીમાંથી સાડી લેવા ગયેલ. ત્યારે રવિવારીમાં લારીવાળા પાસે સાડી જોતા હતા તેવામાં તેણીએ પોતાના ખંભામાં રાખેલ પર્સની અંદર એક બીજુ પાકીટ રાખેલ હોય જે પાકિટમાં એક સોનાનો હાર જેનુ વજન આશરે સવા બે તોલા જેની કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦ તથા સોનાની એક જોડ બુટી વજન આશરે પોણા પાંચ ગ્રામ જેની કિંમત રૂપિયા ૩૪,૦૦૦ તથા રોકડા રૂપિયા ૫૫,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૨,૩૯,૦૦૦ના સોનાના હાર તથા એક જોડ સોનાની બુટીની કોઈ અજાણ્યો માણસ ચોરી કરી ભાગી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૨ | ૧૪૭૫ |
| ૨ | ચણા | ૧૦૨૦ | ૧૧૦૮ |
| ૩ | તુવેર | ૧૨૫૫ | ૧૩૦૦ |
| ૪ | અડદ | ૧૦૫૧ | ૧૦૫૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૭૫ |
| ૨ | મગફળી | ૮૪૫ | ૧૦૭૬ |
| ૩ | ઘઉં | ૫૭૫ | ૬૧૬ |
| ૪ | ચણા | ૧૧૨૫ | ૧૧૨૬ |
| ૫ | સફેદ તુવેર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૬ | ધાણા | ૧૦૧૦ | ૧૨૦૦ |
| ૭ | સોયાબીન | ૭૦૦ | ૭૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૪૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૧૫૧ |
| ૪ | જીરૂ | ૩૮૦૦ | ૪૧૫૧ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૩૦ | ૬૫૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૭૦ |
| ૮ | બાજરો | ૫૦૦ | ૬૫૩ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૯૦૩ |
| ૧૦ | અડદ | ૯૫૦ | ૧૪૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૧૫૩ |
| ૧૨ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૪૮૫ |
| ૧૪ | તુવેર લાલ | ૧૨૫૦ | ૧૩૯૦ |
| ૧૫ | એરંડી | ૧૧૦૦ | ૧૧૯૧ |
| ૧૬ | ધાણા | ૧૩૦૦ | ૧૯૯૬ |
| ૧૭ | સોયાબીન | ૭૦૦ | ૭૯૧ |

પાના ૮ ઉપરનું ચાલું
## મહુવા–સુરત વચ્ચે દોડતી

સુધી ડાયરેકટ ટ્રેનની ઉપલબ્ધતા ઓછી પડતી હોય મહુવા સુરતને મુંબઈ સુધી લંબાવવામાં આવે તો આવા અનેક લોકોને મુંબઈથી અમરેલી જિલ્લામાં આવવા જવા વધુ સરળતા રહે. આમ પણ ટ્રેનએ સૌથી વધુ સગવડદાયી અને સલામત મુસાફરીનું માધ્યમ હોય મહુવા સુરતને મુંબઈ સુધી લંબાવવા માટે લોકમાંગ ઉઠવા પામી છે આ સંદર્ભે મુંબઈથી ભાજપના કાર્યકર્તા શૈલેષભાઈ સોડીંગલાએ જણાવ્યું હતુ કે અત્યારે ટ્રેન નંબર ૨૨૯૮૯ બાંદ્રાથી મહુવા બુધવારે અને શુક્રવાર બે દિવસ જ ચાલે છે.

સુરતથી મહુવા ટ્રેન નંબર ૧૯૨૫૫ રોજ ચાલે છે તો તેને બાંદ્રા સુધી લંબાવી શકાય. આ ટ્રેન સુરત ૧૬ કલાક યાર્ડમાં વોલ્ટ કરે છે તો તેને બાંદ્રા સુધી એક્સટેન્શન કરવામાં આવે તો મુંબઈમાં વસતા સૌરાષ્ટ્ર વાસીઓને આ ટ્રેનનો લાભ મળી શકે અને યાત્રિકોને આવવા જવા માટે સુખદ પ્રવાસ થાય ખાસ કરીને દિવ્યાંગ, વૃદ્ધો, અશકત યાત્રિકોને પ્રવાસ સરળ થાય અને મુંબઈથી મહુવા માટે રોજ ટ્રેન મળી રહે તે માટે અમરેલી સાંસદે પણ રેલવે મંત્રીને અસરકારક રજૂઆત કરવી જોઈએ તેવું લોકો ઈચ્છી રહ્યા છે. દેશમાં જયારે રેલવે આધુનિકરણ તરફ કદમ માંડી રહ્યું છે ત્યારે મહુવા મુંબઈ ડેઈલી ટ્રેન ચાલુ કરવી જોઈએ. સવાલ માત્ર સુચારૂ મેનેજમેન્ટનો છે. આમ સુરત મહુવાને મુંબઈ સુધી લંબાવીને મુંબઈ વસતાં અમરેલી અને ભાવનગર જિલ્લાના વતનીઓને ટ્રેનનો લાભ મળે તેવી અપેક્ષાઓ રાખવામાં આવી રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલાનાં વાવેરા ગામે

ઘુસી ૮ વર્ષના વૈભવ નરસીભાઈ સોલંકીનું માથું પકડી શિકારનો પ્રયાસ કર્યો હતો પરંતુ રાડા રાડ બોલતા દીપડો બાળકને મૂકી નાચી છૂટ્યો હતો ઘટનાને પરિવાર દ્વારા રાજુલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો બાળકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે વધુ સારવાર માટે મહુવા હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો દીપડાએ હુમલો કરતા વનવિભાગની ટીમ વાવેરા અને હોસ્પિટલમાં દોડી આવી બાળકને ઝડપથી સારવાર મળે તેવા પ્રથમ પ્રયાસ કર્યા હતા ત્યારબાદ રાજુલા રેન્જ વનવિભાગની ટીમ દ્વારા દીપડાને પકડવા માટે લોકેશન મેળવવા માટે સ્કેનિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે હાલ દીપડાના હુમલાની ઘટનાથી લોકોમાં ભય અને સતત વધતા જતા હુમલા લોકોમાં ચિંતાનો માહોલ છવાયો છે.

દીપડાને પકડવા માટે ગૌશાળા નજીક નદી કાંઠાના વિસ્તારમાં પાંજરા ગોઠવવા માટેની કાર્યવાહી હાથ ધરી છે બનાવ સ્થળે પ્રથમ પાંજરૂ મુકવામાં આવ્યું ઉપરાંત આસપાસ વિસ્તારમાં દીપડાનું લોકેશન મેળવવા વનવિભાગની અલગ અલગ ટીમો દ્વારા શોધખોળ હાથ ધરી છે.

રાજુલા જાફરાબાદ ખાંભા ધારી અમરેલી તાલુકા લીલીયા સહિત મોટાભાગના ગ્રામ્ય વિસ્તારમાં સિંહો બાદ હવે દીપડાઓની સંખ્યા સતત વધી રહી છે જેના કારણે લોકોની મુશ્કેલી સાથે ભયનું વાતાવરણ વધુ જોવા મળે છે અનેક વખત ખેત મજૂરો ખેડૂતોને રાત્રીના ખેતીકામ દરમ્યાન દીપડાઓનો ભેટો થતો જોવા મળ્યો છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૭૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૭૫ | ૬૦૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૯૮ |
| ૪ | ચણા | ૭૫૦ | ૧૦૯૫ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૪૨ |
| ૬ | ધાણા | ૧૩૧૦ | ૧૩૭૦ |
| ૭ | શીંગદાણા | ૭૮૦ | ૧૧૧૫ |
| ૮ | મગફળી | ૫૦૦ | ૮૦૯ |
| ૯ | તુવેર | ૧૨૫૧ | ૧૩૦૦ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| ૧૧ | બાજરો | ૫૯૭ | ૫૯૭ |

## જાહ્નવી ૨૨ વર્ષ મોટા અભિનેતા સૂર્યા સાથે સિરીઝમાં જોવા મળશે

મુંબઈ, તા.૧૭

બોલીવૂડમાં નિષ્ફળ જઈ રહેલી જાહ્નવી કપૂર સાઉથમાં ભાગ્ય અજમાવવા પહોંચી ગઈ છે. તેની કારકિર્દીની સાઉથના બીજા પ્રોજેક્ટમાં તે કામ કરવાની છે. કહેવાય છે કે, જાહ્નવી પોતાના કરતા ૨૨ વરસ વયમાં મોટા અભિનેતા સૂર્યા સાથે એક વેબ સીરીઝમા કામ કરવાની છે. જોકે સત્તાવાર રીતે આ વિશે સ્પષ્ટતા કરવામાં આવી નથી. રિપોર્ટના અનુસાર, આ વેબ સીરીઝ રૂપિયા ૬૦૦ કરોડના બજેટમાં બે હિસ્સામાં બનાવવામાં આવવાની છે. જેમાં સૂર્યા કર્ણના રોલમાં જોવા મળવાનો છે. રસપ્રદ છે કે, જાહ્નવીએ પોતાની પ્રથમ તમિલ ફિલ્મમાં દ્રોપદીની ભૂમિકા ભજવી છે. થોડા દિવસો પહેલા જ જાહ્નવીના પિતા બોની કપૂરે જાહ્નવી વિશે જણાવ્યું હતુ કે, જાહ્નવી જલદી જ સૂર્યા સાથે અભિનય કરતી જોવા મળવાની છે. મારી પત્ની શ્રીદેવીએ પણ વિવિધ ભાષાઓમાં અભિનય કર્યો છે, મને આશા છે કે મારી પુત્રી જાહ્નવી પણ માતાએ ચીતરેલા ચીલાને ચાલુ રાખશે.

**Name has been changed**

I hereby declarer, **Vaishaliben Sandipkumar Mangrolia.** My old name and Address have changed from **Vaishali Dhanjibhai Dhorajia** Address 19, Navarang Society, Keriya Road,Amreli to **Vaishaliben Sandipkumar Mangrolia** Whose address street no-1, Jesingpara, Amreli after marriage. So From now on I will be Known by this name,and address

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૨૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૯૫ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૨૦ | ૧૦૫૦ |
| ૪ | મગફળી બી.ટી. | ૦૬૦ | ૧૦૨૦ |
| ૫ | ચણા | ૧૦૯૪ | ૧૧૩૬ |
| ૬ | જીરૂ | ૩૩૭૦ | ૩૫૦૦ |
| ૭ | ઘઉં | ૫૨૦ | ૬૬૦ |
| ૮ | તુવેર | ૧૨૩૦ | ૧૪૨૦ |
| ૯ | ધાણા | ૧૨૪૦ | ૨૫૬૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૧૧ | ૧૦૦૧ |
| ૨ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૮૫૦ |
| ૩ | તલ પીળા | ૨૫૫૦ | ૨૫૫૬ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૪૫૬ |
| ૫ | બાજરો | ૫૩૧ | ૬૦૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૬૧ | ૭૦૧ |
| ૭ | જુવાર | ૬૫૦ | ૯૫૨ |
| ૮ | મગ | ૧૮૮૫ | ૧૯૪૦ |
| ૯ | અડદ | ૮૦૦ | ૧૨૨૫ |
| ૧૦ | તુવેર | ૧૨૧૨ | ૧૩૩૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૧૨ | ધાણા | ૯૫૧ | ૧૨૫૧ |
| ૧૩ | વાલ | ૧૦૦૦ | ૧૨૭૦ |

# આજનાં વ્યસ્ત અને તણાવપૂર્ણ જીવનમાં નેચરોપેથી સારવાર મહત્વની : સંઘાણી



અમરેલી જિલ્લાનાં કદાવર નેતા દિલીપ સંઘાણીએ જણાવ્યું કે આપણા જીવનનો એક અભિન્ન ભાગ આજે સમગ્ર વિએ યોગ અપનાવ્યો છે અને તે દરેક ભારતીય માટે ગર્વની વાત છે. ' નેચરોપથી'ની વર્તમાન સમયમાં ખૂબ જ જરૂર છે અને આ સારવાર પદ્ધતિનો ફેલાવો માનવ સમાજના હિતમાં છે. હરિદ્વારમાં પતંજલિ યોગપીઠ દ્વારા સંચાલિત નિરમયમ નેચરોપેથી (નેચરોપેથી) વેલનેસ સેન્ટરમાં નિસર્ગોપચારની વિવિધ સારવાર ઉપલબ્ધ છે. તે આયુર્વેદિક ઉપચાર, યોગ, પંચકર્મ ઉપચાર અને સુખાકારીના કાર્યક્રમો પ્રદાન કરે છે. અમે પતંજલિ યોગપીઠ પહોંચ્યા અને યોગગુરૂ રામદેવજીના આશીર્વાદ લીધા અને આચાર્ય બાલકૃષ્ણજી સાથે વેલનેસ પ્રોગ્રામ શરૂ કર્યો. મારી સાથે મારી પત્ની શ્રીમતી ગીતા સંઘાણી અને અન્ય મિત્રો પણ હતાં. અમે ત્યાં એક અઠવાડિયું રોકાયાં, જયાં અમારૂ દૈનિક કાર્ય સવારે ૩:૩૦ વાગ્યે શરૂ થવાનું હતું. આ નિયમિત યોગ અભ્યાસ ચાર કલાક સુધી ચાલતો હતો અને અમારો દિવસ સાંજે ૭:૩૦ વાગ્યે પૂરો થતો હતો. યોગને 'નેચરોપેથી'નું અભિન્ન અંગ માનવામાં આવે છે. ભારતમાં નિસર્ગોપચારનાં મૂળ આયુર્વેદમાં રહેલાં છે અને તે પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ છે, જે આશરે ૫૦૦૦ વર્ષ જૂની છે. આજના વ્યસ્ત અને તણાવપૂર્ણ જીવનમાં, યોગ્ય આરોગ્ય સંભાળ ખૂબ જ મહત્વપૂર્ણ બની ગઈ છે. સ્વાસ્થ્ય માટે સમય કાઢવો ખૂબ જ મુશ્કેલ કામ છે, પરંતુ તેમાં કોઈ શંકા નથી કે દરેક વ્યકિત સ્વસ્થ રહીને સુખી જીવન જીવવા માંગે છે. શરીરમાં કોઈ તકલીફ હોય ત્યારે મોટા ભાગના લોકો સારવાર માટે એલોપથી તરફ જ જુએ છે. જો કે, તે પણ સાચું છે કે આ તબીબી પ્રેકિટસની ઘણી નકારાત્મક અસરો છે. આ આડઅસરોથી બચવા માટે, લોકો હવે અન્ય તબીબી પદ્ધતિઓ તરફ વળી રહ્યા છે. યુનાની, હોમિયોપેથી વગેરે જેવી અન્ય વ્યવસ્થાઓની સરખામણીએ નિસર્ગોપચારને વધારે મહત્ત્વ મળ્યું છે. આ એટલા માટે છે કારણ કે તે એક તબીબી પ્રણાલી છે જે સમયસર સારવાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને વિશિષ્ટ પદ્ધતિઓને અનુસરે છે. આ પદ્ધતિમાં નિસર્ગોપચારક ડોકટર દર્દીની ઉંમર, સ્થિતિ, જીવનશૈલી, ખાવાપીવાની આદતોને ધ્યાનમાં લેશે. 'નિસર્ગોપચાર'ના મુખ્ય સિદ્ધાંતો એ છે કે તે વ્યકિતના સંપૂર્ણ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યની સારવાર કરે છે, કોઈ નુકસાન પહોંચાડતું નથી, કુદરતી ઉપચારોનો ઉપયોગ કરે છે અને રોગ નિવારણની સાથે વ્યકિતના એકંદર આરોગ્ય અને સુખાકારીને સુનિશ્ચિત કરે છે. તદુપરાંત, જયાં સુધી ખોરાકની વાત છે, ત્યાં સુધી વનસ્પતિ–આધારિત ખોરાક, જેમાં શાકભાજી, ફળો, રાંધણ જડીબુટ્ટીઓ અને મસાલાઓ, આખા અનાજ, બીજ (સ્પ્રાઉટસ), સૂકામેવા અને કઠોળનો સમાવેશ થાય છે, તેનું સેવન કરવામાં આવે છે. આ ખાદ્ય પદાર્થોમાં જેટલા વધુ રંગો ઉપલબ્ધ હશે, તેટલી જ સારવાર મેળવનાર વ્યકિત માટે તે વધુ સારૂ રહેશે. તે સર્વવિદિત છે કે છોડ આધારિત ખોરાક પ્રોસેસ્ડ ફૂડ કરતાં વધુ પૌષ્ટિક હોય છે, જે વિટામિન્સ અને ખનિજોની વિપુલતા પૂરી પાડે છે. અત્યારે 'નેચરોપથી'ની સંપૂર્ણ જરૂર છે અને આ સારવાર પદ્ધતિની હિમાયત માનવ સમાજના હિતમાં છે. અત્યારે 'નેચરોપથી'ની સંપૂર્ણ જરૂર છે અને આ સારવાર પદ્ધતિની હિમાયત માનવ સમાજના હિતમાં છે. પતંજલિ યોગપીઠ અને યોગગુરૂ સ્વામી રામદેવજીના સ્વાસ્થ્ય અને પ્રાચીન ભારતીય પરંપરાઓને પુનર્જીવિત કરવાના પ્રયત્નો ખૂબ જ પ્રશંસનીય છે. હું યોગગુરૂ સ્વામીજીને આદરપૂર્વક નમન કરૂ છું. આપણા સેના માટે ગર્વની વાત છે કે યોગને આજે વૈકિ સ્તરે ઓળ ખ મળી છે. આજે આખું વિ ' આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઉજવી રહ્યુંછે અને લોકો યોગ અભ્યાસ દ્વારા આ આંદોલનમાં જોડાઈ રહ્યા છે. આપણે યોગને પણ આપણી દિનચર્યામાં સામેલ કરવાની જરૂર છે જેથી આપણું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સારૂ રહે.

### જિલ્લા વિદ્યાસભા સંચાલિત

## અમરેલી : માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનું બીએ-સેમે-૦૫ નું ૯૨.૧૬ ટકા પરિણામ

### ટ્રસ્ટીઓ, સ્ટાફ પરિવારે પરીક્ષાર્થીને શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૧૭

અમરેલી શહેરની મધ્યમાં, ચિતલ રોડ ઉપર છેલ્લા ૩૩ વર્ષથી કાર્યરત, શિક્ષણક્ષેત્રે તથા સામાજીક સેવાના ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરતી,એકમાત્ર ગ્રાન્ટેડ માતુશ્રી મોઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા નવેમ્બર– ૨૦૨૪માં આયોજીત બી.એ.સેમ. ૦૫ની પરીક્ષામાં નીચે દર્શાવેલ વિદ્યાર્થિનીઓએ પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરી સંસ્થાનું ગેરવ વધારેલ છે. પ્રથમઃ– ડબાવાલા મુસ્કાન નાસીરભાઈ, દ્વિતીયઃ– માળવી માનસી દિનેશભાઈ, તૃતીયઃ– સોંધરવા પિનલ મુકેશભાઈ કુલ પાસ થયેલ ૧૧૭ માંથી ૧૦૨ વિદ્યાર્થિનીઓએ ફર્સ્ટ કલાસ અને ડિસ્ટીંકશન મેળવીને સંસ્થાને વિશેષ ગેરવ પ્રાપ્ત કરાવ્યું છે. ઉર્તીણ થનાર તમામને તથા વિશેષ સિધ્ધિ પ્રાપ્ત કરનાર પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થિનીઓને તથા સમાજશાસ્ત્ર ડિપાર્ટમેન્ટને અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી કિશોરભાઈ મહેતા, મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ તથા કેમ્પસ ડાયરેકટર વી.એન. પેથાણી, ઈન્ચાર્જ આચાર્ય ડો.બી.આર. ચુડાસમા તથા સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

### ખાનગી નીલકમલ ટ્રાવેલ્સની બસ પલ્ટી ગઈ

## દામનગર નજીક ઉમરડા – લીમડા ખાતે ખાનગી બસ પલ્ટી જતા સેંકડો મુસાફરોને ઈજા

### ઈજાગ્રસ્તોને દામનગર, અમરેલી ખાતે ખસેડાયા



દામનગર, તા. ૧૭

દામનગર નજીક ઉમરડા – લીમડા ખાનગી નીલકમલ ટ્રાવેલ્સની બસ પલ્ટી જતા ૪૫–૫૦ને ઈજા થતા તેઓને દામનગર સિવિલ લાવવામાં આવ્યા વધુ ઈજાગ્રસ્તોને અમરેલી સહિત મોટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બસ પલ્ટી ગયાનાં સમાચારથી મોટી સંખ્યામાં સેવાભાવી યુવાનો સિવિલ હોસ્પિટલે દોડી ગયા અને ઈજાગ્રસ્તોને જરૂરી મદદ માટે લાઈનો લગાવી પ્રાથમિક સારવાર માટે એમન્યુલન્સમાંથી ઈજાગ્રસ્તોને ઉતારવા ચડાવવા પાટા પીડી ટાંકા સારવારમાં અનેક યુવાનો સતત ખડેપગે ઉભા રહી મદદ કરી માનવતા મહેકાવી હતી.

નીલકમલ ખાનગી ટ્રાવેલ્સની બસ પલ્ટી જતાં તેમાં મોટાભાગમાં મુસાફરો લીલીયા દામનગરનાં ગ્રામ્ય વિસ્તારોમાંથી સુરત તરફ જઈ રહ્યા હતા. દામનગરથી ઉમરડા લીમડા વચ્ચે બસ પલટી હોવાની વિગત જાણવા મળેલ છે અતિ ગંભિર ઈજાગ્રસ્તોને દામનગર સિવિલમાં પ્રાથમિક સારવાર બાદ ૧૦૮ મારફતે અમરેલી સહિત મોટી હોસ્પિટલોમાં રિફર કરવામાં આવી રહ્યા છે બસ પલ્ટી ગયાની વાતથી ખૂબ મોટી સંખ્યામાં લોકો સિવિલ હોસ્પિટલે ઈજાગસ્તોની મદદ આવી પહોંચ્યા હતા.


''અમરેલી એકસપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### જરૂરિયાત મંદોનાં હિતમાં

## સાવરકુંડલાનાં ઘોબા ગામે રકતદાન કેમ્પ યોજાયો

### ૬૧ બોટલ રકત એકત્ર થયુ



સાવરકુંડલા, તા. ૧૭

આયુષ્યમાન આરોગ્ય કેન્દ્ર ઘોબા દ્વારા ઘોબા ગામે મહા રકતદાન કેમ્પનું આયોજન કરવામાંઆવ્યુંહતું. અમરેલી જીલ્લા બ્લડ બેન્કમાં ૪૫ બોટલ જ લોહી હોવાથી થેલેસમિયા રોગ ધરાવતા બાળકો અને સગર્ભામાતાઓનેફકતલોહીનીવ્યવસ્થામાટે બહાર જવું પડતું હતું ત્યારે આયુષ્યમાન આરોગ્ય ઘોબા દ્વારા મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાંઆવ્યુંહતુંજેમાંયુવા તથા અનુભવી તથા અવાર નવાર રકતદાન કરતા દાતાઓ દ્વારા ૬૧ જેટલી લોહીની બોટલ આપી યોગદાન આપ્યું હતું જેમાં દિવ્યાંગભાઈઓદ્વારાપણલોહીનુંદાનઆપી લોકોમારકતદાનપ્રત્યેજાગૃતતાનેવધારીહતી આ ઈમરજન્સી કેમ્પને સફળ બનાવવા અમરેલીજીલ્લાઆરોગ્યવિભાગનીટીમઅને આરોગ્યઅધિકારીઓ ડો. જાટ, સાવરકુંડલા તાલુકા હેલ્થ ઓફિસર ડોકટર મીના, ડો. મુકેશસિંગ, મોટાઝીંઝુડા મેડિકલ ઓફિસર ડોકટર એમ.આર. પારઘી, ડો. સચિનભાઈ, ડોકટર વૃશંક તથા ઘોબા ગામના પટેલ સમાજ યુવા ગ્રુપ દ્વારા જહેમત ઉઠાવામાં આવી હતી અને રકતદાન કેમ્પને સફળ બનાવ્યો હતો. એમ અમિતગીરી ગોસ્વામીની એક યાદીમાં જણાવવામાંઆવ્યુંહતું.

## યુવા જાગરણ મંચનાં એડવોકેટનું તારણ ઓનલાઈન જુગારનો મહામારી સમાન ખતરો



અમરેલી, તા. ૧૭

આજના ડિજિટલ યુગમાં ઓનલાઈન જુગાર એક નવા પ્રકારની મહામારી બની રહયો છે. ભારતનાં લાખો યુવાનો ફેન્ટેસી સ્પોર્ટસ, પતા રમતો, સટ્ટા અને ઓનલાઈન કસીનોના મોહજાળમાં ફસાઈ રહયા છે. જેના કારણે આર્થિક વિનાશ, માનસિક તણાવ અને આત્મહત્યાના કિસ્સાઓમાં વધારો થતો જાય છે. કાયદાની નિષ્ક્રિયતા અને નીતિઓ કડક ન હોવાનાં કારણે આ ખતરો સતત ફેલાતો જાય છે. આખી દુનિયા ઓનલાઈન ગેમ્સમાં ખોવાઈ જવાથી વાસ્તવિક દુનિયાથી દુર થઈ રહીછે. ખોટીરીતે જીત મેળવીને લોકો વર્ચ્યુઅલ દુનિયામાં હીરો બને છે. પણ વાસ્તવિક જીવનમાં ઝીરો થઈ જાય છે. ઘણા લોકો ગેમ્સમાં સફળતા મળવા છતાં વાસ્તવિક જીવનમાં નિષ્ફળ જાય છે. વધુ સમય ગેમમાં વીતાવવાથી ગેમનું કંટ્રોલર તો હાથમાં રહેછે. પણ લોકોનું પોતાનું જીવન ઘણીવાર કંટ્રોલ બહાર જતું રહે છે. ઘણીવાર ઓનલાઈન મિત્રોની ભીડમાં, પરિવાર એકલો પડી જાય છે. સ્ક્રીન પર દોડતી આંગળીઓ, જીવનની દોડમાં પાછળ રહી જાય છે. ગેમિંગની યુવાનો પર નકારાત્મક અસરો પણ પડે છે. જેમાં સૌથી સામાન્ય ચિંતા વ્યસનની છે. ગેમિંગનું વ્યસન શાળાના કામ, શારીરિક પ્રવૃતિ અને સામાજિકકરણ જેવી આવશ્યક પ્રવૃતિઓની ઉપેક્ષા તરફ દોરી શકે છે. અતિશય ગેમિંગ સ્થૂળતા, આંખોનો તાણ, ખભ્ભાનો દુઃખાવો અને પીઠનો દુઃખાવો જેવી શારીરિક સમસ્યાઓનું કારણ બની શકેછે. યુવાનો પર હિંસક રમતોની અસરને પણ અવગણી શકાય નહી. અભ્યાસોએ એ હકીકતને રેખાંકિત કરી છે કે હિંસક રમતોના સંપર્કમાં આવવાથી બાળકોનું આક્રમક વર્તન વધી શકે છે. યુવાનોને હિંસા પ્રત્યે સંવેદનશીલ બનાવી શકે છે અને સહાનુભૂતિ ઘટાડી શકેછે. હિંસક રમતો તેમના માનસિક સ્વાસ્થ્યને અસર કરી શકે છે. જેના કારણે ચિંતા, હતાશા અને અન્ય માનસિક સમસ્યાઓ થઈ શકે છે. અતિશય ગેમિંગ યુવાનોના સામાજિક જીવનને પણ અસર કરે છે. તે સામાજિક એકલતા તરફ દોરી જાય છે. જે બદલામાં તેમના સામાજિક અને ભાવનાત્મક વિકાસને અટકાવેછે. ચમકતી સ્ક્રીન લોકોને આકર્ષે છે, સાહસ, મિત્રતા અને વાસ્તવિકતાથી છટકી જવાનું વચન આપે છે. ઓનલાઈન ગેમિંગ, ઉતેજનાથી ભરપુર વર્ચ્યુઅલ દુનિયાનું પ્રવેશદ્વાર, લાખો લોકોને, ખાસ કરીને યુવાનોને મોહિત કરી રહયુંછે. તે એક એવું ક્ષેત્ર છે જયાં મિત્રતા બંધાય છે, કૌશલ્યોનો વિકાસ થાય છે અને હીરો બની શકાયછે એ પણ ઘરની આરામદાયક જગ્યાએથી જ PUBC અને Free Fire ના એડ્રેનાલિન – પમ્પિંગ યુદ્ધના મેદાનોથી લઈને Minecraft અને Fortnite ના સહયોગી બ્રહ્માંડો સુધી, ઓનલાઈન ગેમિંગ અનુભવોની વિવિધતા પ્રદાન કરે છે. આ રમતો, ઘણીવાર ડાઉનલોડ કરવા માટે મફત હોય છે. પરંતુ ઈન–એપ ખરીદીઓથી ભરેલી હોયછે. આર્થિક રીતે, ઈન–એપ ખરીદીઓનો બોજ ઘરના બજેટ પર તાણ લાવી શકે છે. ઈન્ટરનેટની ગુપ્તતા ઘણીવર ખેલાડીઓને અશ્લીલતા અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરેછે. જે ઝેરી વાતાવરણ બનાવેછે. આ રમતોનું વ્યસનકારક સ્વભાવ, તેમની સુવ્યવસ્થિત રીતે ડિઝાઈન કરેલી પુરસ્કાર પ્રણાલીઓ અને અનંત સ્તરો સાથે, ખેલાડીઓને વર્ચ્યુઅલ સિદ્ધીઓ માટે ઉંઘ, અભ્યાસ અને સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓનું બલિદાન આપવા માટે મજબૂર કરી શકે છે. જયારે હિંસા અને આક્રમકતાના સતત સંપર્કમાં રહેવાથી યુવાન મન સંવેદનશીલ બની શકેછે. જે અસામાજિક વર્તનમાં વધારો કરવામાં ફાળો આપે છે. સામાજિક રીતે, ઓનલાઈન ગેમિંગ એકલતા અને વાસ્તવિક દુનિયાની ક્રિયાપ્રતિક્રિયાઓમાં ઘટાડા તરફ દોરી શકે છે. વર્ચ્યુઅલ વિશ્વ, તેના કયુરેટેડ અવતારો અને આદર્શ વ્યકિતત્વો સાથે, વાસ્તવિક જીવનના સંબંધોની જટિલતાઓ કરતા વધુ આકર્ષક લાગે છે. આ એકલતા અને અપૂર્ણતાની ભાવના તરફ દોરી શકે છે. જે વર્ચ્યુઅલ ક્ષેત્રમાં ભાગી જવાની ઈચ્છાને વધુ વેગ આપે છે. વિવિધ કાર્યક્રમો અથવા ઓનલાઈન પણ અમુક પ્રકારની જાહેરાતો, ટ્રાયલ ગેમ્સ વગેરે આવતી હોય છે. જેના કારણે યુવા વર્ગ આ તરફે ઝડપથી આકર્ષાય રહયો છે.

### પ્રધાનમંત્રી જીવન જયોત યોજના અંતર્ગત

## બાબરા : એસબીઆઈ ગ્રાહક સેવા કેન્દ્રનાં ખાતા ધારકનાં વારસદારને ર લાખનો ચેક અર્પણ

### બેન્કનાં મેનેજરના હસ્તે ચેક અર્પણ



બાબરા, તા. ૧૭

બાબરાના નીલાવડા ગામમાં રહેતા હંસાબેન વલકુભાઈ ધાધલએ સિરાજભાઈ વાળા દ્વારા સંચાલિત બાબરા એસબીઆઈ ગ્રાહક સેવા કેન્દ્રમાં ખાતુ ખોલાવ્યુ હતુ. તેમાં ગ્રાહક દ્વારા પ્રધાનમંત્રી જીવન જયોત વીમા યોજના અંતર્ગત વીમો લેવામાંઆવ્યોહતો. હાલહંસાબેનધાધલદુઃખ અવસાન થતા. તેમના દ્વારા પ્રધામંત્રી જીવન જયોત વીમ ભરવામાં આવ્યો હતો અને તેનું વાર્ષિક પ્રિમયમ રૂ. ૪૩૬ પણ બેંકમાંથી સીધુ ભરાયુ હતુ. ત્યારે એસબીઆઈ બેન્ક ગ્રાહક સુવિધા કેન્દ્રના સિરાજભાઈ વાળા દ્વારા વિમાધારકનાવારસદારનેવિમાનોસીધોલાભ મળેતેમાટેબેંકમાંજરૂરીડોકયુમેન્ટતેમજઅન્ય માર્ગદર્શન અને માહિતી આપવામાં આવી હતી. વિમાધારકહંસાબેનધાધલનાવારસદાર ઉમેદભાઈને અહી એસબીઆઈ બેંકમાં મેનેજરનાવરદહસ્તેરૂબેલાખનોચેકઅર્પણ કરવામાંઆવ્યોહતો. આ તકે બાબરા ગ્રાહક સેવા કેન્દ્રના સિરાજભાઈ વાળા, બ્રાન્ચ મેનેજર, ડેપ્યુટી મેનેજર સહિતના સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

### જિલ્લા કક્ષાએ કુલ ૧૯ કૃતિઓની સ્પર્ધા યોજાશે

## અમરેલી : સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધકનુ રજતચંદ્રકથી થશે સન્માન

### વધુ વિગત માટે ''મદદ'' કાર્યાલયનો સંપર્ક કરવો

અમરેલી, તા. ૧૭

રાજકોટના સાંસદ તથા પૂર્વ કેન્દ્રીય કેબીનેટ મંત્રી પરશોત્તમભાઈ રૂપાલા અને મદદ ટ્રસ્ટ, અમરેલી દ્વારા આ વર્ષે ' સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા–૨૦૨૫' નું સીધી જિલ્લા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું આયોજન થનાર છે. જેમાં રજીસ્ટ્રેશન (ઓફ લાઈન) ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૦/૦૨/૨૦૨૫ છે. આ વર્ષે સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં કુલ ૧૯ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ અને કુલ ત્રણ વયજુથ (૧) ૮ થી ૧૪ વર્ષ. (૨) ૧૫ વર્ષથી અને ૨૯ વર્ષ સુધીના. (૩) ૩૦ વર્ષથી ઉપરના તમામ, આમ ત્રણ વયજૂથમાં સ્પર્ધા યોજાશે. જેમાં જિલ્લા કક્ષાએ કુલ ૧૯ કૃતિઓ જેમાં સુગમ સંગીત, સમૂહગીત, લગ્ન ગીત, લોકગીત, ભજન, ગરબા, રાસ, તબલા, હાર્મોનિયમ(હળવું), લોકવાતી, દુહા–છંદ–ચોપાઈ, કથ્થક, વાંસળી ધોળ, હાલરડાં, શરણાઈ, ઢોલાલોકવાદ્ય), પ્રભાતિયા, મરશિયા વગેરે સ્પર્ધાઓ યોજાશે. આ સ્પર્ધાઓમાં વયજૂથની ગણતરી બાબતે કટ ઓફ ડેટ તા.૩૧–૧૨–૨૦૨૪ને પ્રયાને લેવાનીરહેશે તેમજ સ્પર્ધાના અન્ય નીતિ નિયમો ગત વર્ષની સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા મુજબના રહેશે. આ સ્પર્ધામાં વધુમાં વધુ કલાકારો ભાગ લે તે માટે તમામ શાળાઓ, કોલેજો તથા વિવિધ સંસ્થાઓ તેમજ ભણતા ન ભણતા કલાકારોને આથી જણાવવામાં આવે છે કે જે સ્પર્ધકો આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે મદદ' કાર્યાલય, સિવિલ હોસ્પિટલ સામે, અમરેલી ખાતે આ ફોર્મ જરૂરી આધારો સાથે રૂબરૂમાં અથવા ટપાલ કે કુરિયર દ્વારા મોકલવાના રહેશે. આ ફોર્મ માટે જરૂર જણાય તો મદદ કાર્યાલયનો સંપર્ક નંબર ૦૨૭૯૨–૨૨૪૯૫૯ અથવા મો. ૯૯૦૯૩ ૧૭૭૧૭– હરેશભાઈ મેતલીયા અથવા ૯૭૨૭૭૧૮૩૯૪ – હરેશભાઈ રૂપાલા અને ૯૯૧૩૨ ૯૮૧૦૮– ચિરાગભાઈ દેશાણી વગેરેમાંથી કોઈનો પણ સંપર્ક કરવો. આ જિલ્લાકક્ષાની સ્પર્ધાનું આયોજન શ્રી કે. કે. પારેખ અને મહેતા આર.પી વિદ્યાલય, સિવિલ હોસ્પિટલ સામે, અમરેલી ખાતે તા.૨૪–૦૨–૨૦૨૫નાં રોજ સવારે ૯:૦૦ કલાકે થશે. આ સાસદ સાસ્કૃતિક સ્પર્ધા–૨૦૨૫ માં વિજેતાઓનું રજતચંદ્રકથી વિશિષ્ટ સન્માન કરવામાં આવશે. તેમજ આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર આપવામાં આવશે અને જીલ્લા કક્ષાએ વિજેતા સ્પર્ધકોમાંથી પસંદગીના કલાકારોને આગામી શિવરાત્રી(૨૬/૦૨/૨૦૨૫, બુધવાર)ના દિવસે ઈશ્વરીયા ખાતે યોજાનાર ભવ્ય લોક ડાયરામાં ગુજરાતના અગ્રણી કલાકારોની સાથે પોતાની કલાની પ્રસ્તૃતિ કરવાની તક આપવામાં આવશે. તેવું મદદ કાર્યાલયની યાદીમાં જણાવવામાં આવ્યું છે. ગતવર્ષે યોજાયેલ સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા–૨૦૨૪માં ૧૭૦૦થી વધુ સ્પર્ધકોને રજતચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ સાસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં ભાગ લેવા માટે અમરેલી જીલ્લાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, નગરજનો, કલાકારો એમ તમામ લોકોને ખાસ અનુરોધ કરવામાં આવે છે.

### ખેતીવાડી અધિકારીનો અનુરોધ

## ખેતીવાડી યોજનાકીય સહાયનો લાભ મેળવવા નોંધણી કરાવો

### ફાર્મર આઈડી મેળવી નોંધણી કરાવો

અમરેલી, તા. ૧૭

રાજયમાં ખેડુતને આધાર આઈ.ડી.ની જેમ ફાર્મર આઈ.ડી મળી રહે તે માટે ખેડુતોએ નોંધણી કરવાની રહેછે. ભારત સરકારના સંદર્ભ પત્ર મુજબ પીએમ–કિસાન યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક હોય તેવા તમામ ખેડુતોએ આ માટે અરજી કરવાની રહે છે. પાત્રતા ધરાવતા ખેડૂતોએ સેલ્ફ રજિસ્ટ્રેશન કરવાનું રહે છે. વિવિધ સહાયકીય યોજનાઓની અરજી માટે તા. ૧/૧/૨૫થી ફાર્મર આઈડી ફરજિયાત કરવામાં આવ્યું છે. નવા અરજદારોએ પહેલા ફાર્મર રજિસ્ટ્રીમાં ફરજિયાત નોંધણી કરાવવાની રહે છે. પીએમ કિસાન યોજનામાં સેલ્ફ રજિસ્ટ્રેશનથી અરજી કરતા સમયે એપ્લિકેશન ફોર્મમાં ફાર્મર આઈડી (Farmer-ID)ની વિગત આપવાની રહેશે. રાજયમાં Agi Stack-DPI હેઠળ ફાર્મર રજિસ્ટ્રીની કામગીરી ગ્રામ્ય કક્ષાએ ઝુંબેશ સ્વરૂપે શરૂ કરવામાં આવી રહી છે. આ અંતગર્ત રાજયના પીએમ–કિસાન યોજનાના તમામ લાભાર્થીઓએ યોજનાના આગામી ૧૯મા હપ્તાનો લાભ મેળવવા ફાર્મર રજિસ્ટ્રી હેઠળ સત્વરે નોંધણી કરાવવા તેમજ નવા અરજદારોએ પી.એમ કિસાન પોર્ટલ પર અરજી કરતા પહેલા ફાર્મર આઈડી મેળવવો જરૂરી છે. ફાર્મર રજિસ્ટ્રી હેઠળ ખેડૂતોને ડિજિટલ પ્લેટફોર્મ મારફત તમામ વિવિધ યોજનાકીય, ધિરાણ સબંધી લાભો અને માર્કેટ સંબંધિત વિગતો સરળતાથી મળી રહેશે. ખેડૂતોએ રજિસ્ટ્રેશન માટે પોતાનું આધાર કાર્ડ, આધાર કાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર અને ૮–અ નકલ, ૭–૧૨ નકલની વિગત સાથે ગ્રામ પંચાયત કે ઈ ગ્રામ સેન્ટર કે કોમન સર્વિસ સેન્ટર ખાતે હાજર રહીને કરવાનું રહેશે. આ રજિસ્ટ્રેશન પ્રકિયા તદન વિના મૂલ્યે મળી રહે છે. આ રજિસ્ટ્રેશન માટે ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર (વિ.સી.ઈ.) કે તલાટી કમ મંત્રી અને સીટી વિસ્તાર માટે સીટી તલાટીનો સંપર્ક કરી ડેટા એન્ટ્રી ઓપરેટર મારફત રજિસ્ટ્રેશન કરાવવું. પી.એમ.કિસાનના લાભાર્થી ખેડૂતને આગામી હપ્તા માટે આ ખેડુત આઈ.ડી.ની નોંધણી ભારત સરકાર દ્વારા ફરજિયાત કરવામાં આવી છે. અમરેલી જિલ્લાના પી.એમ. કિસાન યોજના અંતર્ગત લાભ મેળવતા તમામ ખેડુતોને ફાર્મર આઈ.ડી.ની નોંધણી અચૂક કરવી લેવા અનુરોધ છે. આ અંગેની વધુ જાણકારી માટે આપના ગામના તલાટી કમ મંત્રી/સીટી તલાટી (કસ્બા તલાટી) તેમજ તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી/મામલતદારનો સંપર્ક કરવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સવારનાં ૭ વાગ્યે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન શરૂ થયા બાદ

# જિલ્લાની ૪ પાલિકાની ચૂંટણીમાં ૫૯.૭૨ ટકા મતદાન નોંધાયુ

**ભાજપ, કોંગ્રેસ અને આપનાં આગેવાનોએ ભારે દોડધામ કરીને વધુમાં વધુ મતદાન થાય તેવો પ્રયાસ કર્યો**

**જાફરાબાદમાં ૬૮.૯૬, રાજુલામાં ૫૫.૪૦, ચલાલા ૫૮.૧૧ અને લાઠીમાં ૬૧.૩૮ ટકા મતદાન નોંધાયુ**

**અમરેલીની પેટા ચૂંટણીમાં લાયબ્રેરી બુથ બહાર મારામારીની ઘટના બની**

**છુટક ઝપાઝપી અને દોડધામને બાદ કરતાં શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન**







અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં ગઈકાલે તાલુકા પંચાયત અને પાલિકાની સામાન્ય–પેટા ચૂંટણી માટે એકંદરે શાંતિપૂર્ણરીતે મતદાન થયું હતું. જિલ્લાની ચાર પાલિકા માટે કુલ ૫૯.૭૨ ટકા મતદાન થયું હતું. જે પૈકી સૌથી વધુ મતદાન જાફરાબાદ અને લાઠી પાલિકામાં થયું હતું. ઠેકઠેકાણે સામાન્ય ગરમાગરમીનો માહોલ સર્જાયો હતો. જયારે આવતી કાલે મતગણતરી હાથ ધરવામાં આવશે.

અમરેલી જિલ્લામાં ગઈકાલે સવારે ૭ વાગ્યાથી પોલીસના કડક બંદોબસ્ત વચ્ચે લાઠી, જાફરાબાદ, રાજુલા અને ચલાલા પાલિકાની સામાન્ય ચૂંટણી માટે તથા અમરેલી, સાવરકુંડલા તથા દામનગરની પેટા ચૂંટણી માટે મતદાનનો આરંભ કરવામાં આવ્યો હતો. બપોરના સમયે અનેક બુથ પર મતદાન કરવા માટે મતદારોની લાંબી કતાર પણ જોવા મળી હતી. જિલ્લામાં મુખ્ય જંગ ભાજપ અને કોંગ્રેસ તથા આમઆદમી પાર્ટી વચ્ચે છે. ત્યારે રાજકીય પક્ષના કાર્યકરો અને આગેવાનોએ પોતાના પક્ષ તરફી મતદાન કરાવવા એડી ચોટીનું જોર લગાવી દીધું હતું અને છેલ્લી ઘડી સુધી મતદારોને બુથ પર લઈ જવા જહેમત ઉઠાવી હતી.

ગઈકાલે દિવસના અંતે લાઠી નગરપાલિકાની ચૂંટણીમાં ૬૧.૩૮ ટકા મતદાન થયું હતું. જયારે જાફરાબાદ નગરપાલિકામાં ૬૮.૯૬ ટકા મતદાન થયું હતું. તો બીજી તરફ રાજુલા નગરપાલિકામાં ૫૫.૪૦ ટકા અને

અનુસંધાન પાના ૬ ઉપર

## પાંચ સીટની પેટા ચૂંટણી માટે ૩૭.૨૦ ટકા મતદાન

અમરેલી અને દામનગર નગરપાલિકાની બે –બે તથા સાવરકુંડલા પાલિકાની એક સીટ માટેની પેટા ચૂંટણીમાં ૩૭.૨૦ ટકા મતદાન થયું હતું. અમરેલીના વોર્ડ નંબર ૭ માટે ૩૭.૫૬, વોર્ડ નંબર ૫ માટે ૩૦.૮૬ ટકા મતદાન થયું હતું. જયારે સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર ૩ ના ૧ સભ્ય માટે કુલ ૪૩.૪૮ ટકા મતદાન.

અમરેલીમાં ગઈકાલે પાલિકાની બે વોર્ડની પેટા ચૂટણી યોજાઈ હતી. ત્યારે લાઈબ્રેરીમાં પણ મતદાન મથક ફાળવવામાં આવ્યું હતું. બપોરના સમયે લાઈબ્રેરી રોડ પર મતદાન મથક સામે જ બે બાઈક ચાલકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જો કે આ ઘટનામાં સદનસીબે કોઈને ઈજા પહોંચી ન હતી.

### મુંબઈ વસતાં અમરેલી અને ભાવનગરનાં નાગરિકોમાં

## મહુવા–સુરત વચ્ચે દોડતી ટ્રેનને મુંબઈ સુધી લંબાવવામાં આવે તેવી માંગ

**બંને વિસ્તારનાં સાસંદ રજૂઆત કરે તે જરૂરી**

સાવરકુંડલા, તા. ૧૭

મુંબઈ એટલે ભારતનું આર્થિક પાટનગર. મુંબઈ આમ તો પચરંગી મેટ્રોપોલિટન સિટી છે. જો કે અહીં ગુજરાતીઓની ખાસ્સી સંખ્યા છે. વળી અમરેલી તેમજ ભાવનગર જિલ્લાના અનેક લોકો સુરતની માફક મુંબઈમાં વસે છે. તે પૈકી ઉદ્યોગપતિઓ, બિઝનેસમેન તથા સારા હોદાઓ ધરાવતાં અનેક મુંબઈવાસીઓ કે જે મૂળભૂત રીતે તો અમરેલી ભાવનગર જિલ્લાના વતનીઓ છે. અને એ નાતે મુંબઈથી સારા નરસા પ્રસંગે અહીં અમરેલી જિલ્લામાં આવજા કરતા હોય છે. આવા અનેક લોકોને મુંબઈ

અનુસંધાન પાના ૬ ઉપર


નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯

કેન્સર તથા કેન્સર પેલાના મોઢા, ગળાના અને સ્વરપેટીના રોગો ના દૂરબીન દ્વારા નિદાન તથા સારવાર



માવા–તમાકુ, બીડી–સિગરેટ, દારૂ, સોપારી, ગુટકા થી થતા મોઢાના ચાંદા, સફેદ–કાળા–લાલ ડાઘની તપાસ અને સારવાર.
સ્વરપેટી–અન્નનળીના ચાંદા તેમજ કેન્સરનો ઈલાજ.

ડો. હર્ષ બારોટ ઈ.એન.ટી (કાન-નાક-ગળા ના નિષ્ણાંત)



Krishna DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨



LG
Introducing
LG Single Door Refrigerators
Nature Series



Fixed EMI Starts from ₹999/-*
Life's Good.
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377



આમ આદમીનું અખબાર
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૫
અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્ય સભર દૈનિક
લાવી રહ્યું છે આપના માટે લવાજમ યોજના



લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૫ થી
તા.૩૧-૧૨-૨૦૨૫
લવાજમ ભરો
₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ
અમરેલી એક્સપ્રેસ...

લવાજમ ભરવા માટે અમારા સ્થાનિક એજન્ટનો સંપર્ક કરો
કોટડાપીઠા : ભરતભાઈ મહેતા - ૯૪૨૯૧ ૩૯૮૫૬
બાબરા : રાજુભાઈ બસીયા - ૯૯૨૫૪ ૬૬૪૪૪
પંકજભાઈ ઈન્દ્રોડીયા - ૯૪૦૮૧ ૫૮૯૦૧
ચિતલ : જસવંતગઢ
ભરતભાઈ અમરેલીયા - ૭૯૮૪૭ ૩૫૩૧૫
દામનગર : નટુભાઈ ભાતીયા - ૯૪૨૯૧ ૩૯૪૨૨
લીલીયા મોટા : બીપીનભાઈ સ્વાણી - ૯૪૨૭૪ ૨૭૨૧૭
વીજપડી : પ્રફુલભાઈ નગદીયા - ૯૯૦૪૮ ૦૨૪૦૭
આંબરડી (સા.કું.) : સુભાષભાઈ સોલંકી - ૮૫૧૧૪ ૬૦૪૦૦
રાજુલા : યોગેશભાઈ કાનાબાર - ૯૦૬૭૫ ૭૪૭૩૭
જાફરાબાદ : ભરતભાઈ બારૈયા - ૮૧૫૩૦ ૯૨૬૧૬
કોવાયા : સુમરાભાઈ વાઘ - ૯૯૯૮૭ ૨૩૯૯૯
ઉના : ધર્મેશ જેઠવા - ૭૭૧૨૦૧૦૦૫૮
કુંકાવાવ : રાજુભાઈ યાદવ - ૯૯૭૮૧ ૩૪૪૩૪
મોટા આંકડીયા : મનોજભાઈ ત્રિવેદી - ૯૯૭૯૨ ૧૦૭૨૭
બગસરા : સમીર વિરાણી - ૯૯૭૮૧ ૩૩૧૩૪
બાબાપુર : હસમુખભાઈ રાવળ - ૯૯૭૮૫ ૧૫૨૧૪
ધારી : નિઝારભાઈ ચાવડા - ૯૭૨૬૫ ૯૨૮૭૬
ચલાલા : પ્રકાશભાઈ કારીયા - ૯૯૨૫૩ ૩૦૯૭૯
ખાંભા : ભાવિકભાઈ કલસરીયા - ૯૫૮૬૮ ૩૮૪૦૯

એજન્ટો તથા ગ્રાહકોએ લવાજમ યોજનાની રકમ ભરપાઈ કરીને પાકી પહોંચ મેળવવાની રહેશે.
amreli express

અમરેલી શહેરમાં લવાજમ ભરવા માટે ઓમ ન્યુઝ એજન્સી
સુધરાઈ શોપીંગ સેન્ટર, ક્રિષ્ના ટ્રાવેલ્સની ગલીમાં, ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી.
સુમીત ચંદારાણા – મો. નં. ૮૭૩૫૦ ૧૨૭૨૭
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)